॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

મેં ૨૦૧૪

રૂા. ૫/૦૦

## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજને આંગણે ધામધૂમથી ઉજવાયો સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ








# શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજને આંગણે ધામધૂમથી ઉજવાયો
# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ












॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



### લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૦ કુલ્લ અંક ૨૦૯

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૪ અંક - ૫ - મે – ૨૦૧૪
સળંગ અંક - ૩૪૧

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

સૌ હરિભક્તોને શ્રીજી મહારાજની સ્મૃતિ સહ જય શ્રી સ્વામિનારાયણ.

શ્રીહરિનું આ ભૂમિ ઉપર અવતરણ એ માત્ર પોતાના પ્રેમી ભક્તોના સંકલ્પો પૂરા કરવા માટે જ છે. એટલે જ શ્રી સ્વામિનારાયણ ભગવાન સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ ૯ બીજી એપ્રિલ ૧૭૮૧ના ભારત દેશના ઉત્તર પ્રદેશ રાજ્યમાં છપૈયા ગામે ધર્મ અને ભક્તિ થકી પ્રગટ થયા. હેતુ માત્રને માત્ર જીવોના આત્યંતિક મોક્ષ કરવો એ જ હતો. મોક્ષના અનેક રસ્તાઓ આપ્યા એમાં એક માર્ગ ઉત્સવ જે અનાદિ કાળના જીવના બંધનને ધોઈ નાખવા સક્ષમ છે. જો અંત સમયે ઉત્સવો યાદ આવી જાય તો.

શ્રીહરિની પ્રવર્તાવેલ ઉત્સવોની દિવ્ય જનકલ્યાણકારી પ્રવૃત્તિ આજ દિવસ સુધી સત્સંગમાં ચાલી આવે છે. અને એમાંય આપણા કચ્છ સત્સંગમાં તો ચૈત્ર-વૈશાખ બન્ને મહિનાઓમાં હરિભક્તો અને સંતો વ્યસ્ત રહ્યા અને અનેક આડેદોઢે પારાયણો થઈ અને ભક્તોએ ધન્યતા અનુભવી. નાવમાં પાણી ભરાય તો ડૂબે તેમ ગૃહસ્થનું ધન સદ્‌માર્ગે વપરાય તો ગૃહસ્થ તરે આ ન્યાયે સત્કર્મો થઈ રહ્યા છે. પછી નિમિત્ત માતા-પિતા આદિ અ.નિવાસી આત્માઆહોય છે. અથવા ભગવાન કે સંતની પ્રસન્નતા હરિભક્તોએ વાતનું પણ ધ્યાન રાખતા હોય છે કે સેવાના માધ્યમથી આપણા જીવનમાં પણ મહારાજનું બળ, સંતો ભક્તોનો મહિમા વધવો જોઈએ અને જો માત્ર પૈસા વાપરવાનો શોખ હોય તો આધ્યાત્મિક માર્ગે આપણે આગળ ન વધી શકીયે.

બીજું અત્યારે વિદ્યાર્થીઓ વેકેશન ગાળે છે. આજકાલ અતિ વ્યસ્ત કાર્યક્રમોમાં મા-બાપ પોતાના બાળકો સાથે સમય ઓછો કાઢી શકે પણ વેકેશન આવે ત્યારે બહારગામ, ગુરુકુલોમાં ગયેલા બાળકો સાથે મા-બાપને સમય વિતાવવો જોઈએ. કારણ કે બાળકોને મા-બાપના પૈસા કરતાં પ્રેમની વધુ જરૂર છે. અને મા-બાપ બાળકો સાથે સમય ન કાઢતા હોવાથી એના દુષ્પરિણામો પણ દેખાય છે. ઘરે આવેલ દીકરા દીકરીઓની સાથે મા-બાપ સારું વર્તન ન રાખે તો કંટાળેલા બાળકો યાંત્રિક સાધનોનો સહારો લઈ મોબાઈલ, ટી.વી., કમ્પ્યુટરના માધ્યમથી દુનિયાના અપરિચિત એવા લોકો સાથે પોતાના સંબંધો વિકસાવે છે. પરિણામે ઉંમરલાયક થતાં માત પિતાને નિરાશા હાથ લાગે છે અને પછી ઝંખતા હોય છે કે મારા બાળકો મારી પાસે આવે અને મારી પાસે બેસે અને ત્યાં સુધી કે મને બાપુજી કહીને બોલાવે ?? આજે અહીં વાત પહોંચી ગઈ છે માટે આગળના ભવિષ્યની ચિંતા કરી બાળકોને પ્રેમ આપો અને સંસ્કારોને સત્સંગની પરંપરા વારસામાં આપી દો. છેલ્લા દિવસો તમારા સુખદ હશે અને થોડી ઘણી બેદરકારી તમારી બધી જ આશાઓને પાણીમાં મેળવી દેશે.

અને હા ભારતીયતાનું સંરક્ષણ કરવું તેપણ આપણી જવાબદારી છે ન ???

ભુજ નગરમાં બિરાજતા શ્રી નરનારાયણદેવનો ૧૯૧માં વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાશે.

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

## વેદોપબૃંહ્મણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૩૦

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



જે નિયમિત સમય પર અગ્નિહોત્ર યજ્ઞ કરે છે તેને આ યજ્ઞીય અગ્નિ મરણકાળમાં પોતાની સાથે લઇને સૂર્યની કિરણો દ્વારા ઇન્દ્રલોક પ્રાપ્ત કરાવે છે. યજ્ઞીય કર્મકાંડ ઉપર જ બળ ન આપીને એક રૂપકની મદદથી ક્હેવામાં આવ્યું છે કે - યજ્ઞરૂપિ અઢાર નૌકાઓ અર્થાત્ અઢાર પ્રકારના યજ્ઞ અસ્થિર અને નિમ્ન શ્રેણીમાં આવે છે. કારણ કે આ યજ્ઞો સાંસારિક સુખ તો આપે છે પરન્તુ જન્મ અને મૃત્યુના બંધન થકી મુક્તિ અપાવિને મોક્ષ અપાવિ શકતા નથી. તેથી યજ્ઞિય કર્મકાંડની સાથે પરમાત્માની ઉપાસના કરવી જોઇએ. જેવી રીતે અવિદ્યાને કારણે અપરા વિદ્યા જાણનાર પંડિત પોતાને બુદ્ધિમાન માનીને સાંસારિક ઇચ્છાઓ, ભોગો, અને તૃષ્ણાઓમાં ભટક્યા કરે છે. તે એક એવા અંધાની સમાન છે જે બીજા એક અંધા દ્વારા બતાવેલ માર્ગ પર ચાલે છે. અર્થાત્ બધા અજ્ઞાનરૂપિ કૂવામાં પડે છે. યજ્ઞને જ સર્વશ્રેષ્ઠમાનીને મૂર્ખ મનુષ્ય વાસ્તવિક જીવનના ઉદ્દેશ્ય અથવા શ્રેયને નથી જાણતો અને પોતાના અલ્પજ્ઞાનને કારણે કરવામાં આવેલ સાંસારિક યજ્ઞો અને અનુષ્ઠાનોને કારણે સ્વર્ગને પ્રાપ્ત કરી શકે છે પરન્તુ જ્યારે તે પુણ્યકર્મ ક્ષીણ થઇ જશે ત્યારે ફરી મનુષ્યલોકમાં મનુષ્ય અથવા અન્ય નિમ્ન યોનિયોમાં જન્મ લે છે. પરન્તુ પરબ્રહ્મને પ્રાપ્ત કરી શકતો નથી.

આવા યજ્ઞીય મનુષ્યો જુદા અરણ્યમાં રહેનારા શાંત સ્વભાવ વાળા વિદ્વાન્ સંયમ, તપ અને શ્રદ્ધાથી પરા વિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કરી સૂર્ય માર્ગથી અજન્મા, અમૃત, અવિનાશી એવા પરમાત્માના શરણમાં જઇને મોક્ષ પ્રાપ્ત કરે છે. તેથી જ્ઞાની મનુષ્યએ સાંસારિક ભોગોની ઇચ્છાનો ત્યાગ કરીને પરબ્રહ્મની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઇએ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં સકામ કર્મ અને સકામ ભક્તિથી નિષ્કામ કર્મ અને



નિષ્કામ ભક્તિની શ્રેષ્ઠતા બતાવી છે.

બીજા મુંડકના પહેલા ખંડમાં પરા વિદ્યા અર્થાત્ બ્રહ્મજ્ઞાનનું વિશેષરૂપથી વર્ણન કરવામાં આવ્યું છે.

અર્જિરાઋષિ શૌનક ઋષિને પરા વિદ્યાનો ઉપદેશ આપતા ક્હે છે. - જેવી રીતે પ્રજ્જવલિત અગ્નિથી અસંખ્ય સમાનરૂપ વાળા હજારોહજાર તણખાઓ ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે હે સોમ્ય ! અક્ષરથી વિવિધપ્રકારના આકાશાદિ અને દેવાદિભાવો ઉત્પન્ન થાય છે. અને તે અક્ષરમાં જ લીન થાય છે. તેથી આવા પરબ્રહ્મનું સ્વરૂપ જાણવું જોઇએ. તે પરબ્રહ્મ આકાશાદિથી પર જે સર્વનું મૂળ અક્ષર તેથી પર તે દિવ્ય ગુણવાળા અમૂર્ત દેહરૂપી પુરમાં અન્તરાત્માપણે શયન કરનારા બહાર અને અન્દર સર્વમાં અંતર્યામી પણે વ્યાપીને રહેનારા છે, અજન્મા છે અને શુદ્ધ છે તેથી જ પ્રાણ અને મનથી રહિત ક્હેલા છે. આ જ પરબ્રહ્મથી પ્રાણ, મન, સમસ્ત ઇન્દ્રિયો, પંચમહાભૂત આદિ પદાર્થ ઉત્પન્ન થાય છે. આ વિરાટસ્વરૂપ બ્રહ્મનું અગ્નિ મસ્તક છે. ચંદ્ર અને સૂર્ય નેત્રો છે. ચારે દિશાઓ બન્ને કાન છે. વેદ તેની વાણી છે.વાયુ તેનો પ્રાણ છે. આ વિરાટસ્વરૂપથી પ્રથમ અગ્નિ પ્રગટ થયો. તે અગ્નિથી સોમ પ્રગટ થયો. સોમથી મેઘ અને મેઘોથી વર્ષાદ થયો અને વર્ષાદથી પૃથ્વી પર જુદી જુદી પ્રકારની ઔષધિઓ, ધાન્યો ઉત્પન્ન થવા લાગ્યાં. (આ

ઉપનિષદમાં સૃષ્ટિનું સર્જન ક્રમ પરંપરાગત ક્રમથી થોડો જુદો છે. અને એવું માનવમાં આવ્યું છે કે - પરમેશ્વર જેવું ઇચ્છે તેવું જગતની ઉત્પત્તિ કરે છે. તેના માટે કોઇ નિયમ નિર્ધારિત નથી. કેવળ બ્રહ્મના સંકલ્પ આધારિત સર્જન નિર્ભર છે.)

આ એ જ પરમાત્મા થકી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદની શ્રુતિઓ, યજ્ઞ, સંવત્સર, લોક, ચન્દ્રમા, સૂર્ય, વસુ, દેવતા, પશુ-પક્ષી આદિ સર્વે ઉત્પન્ન થાય છે. આ જ પરમેશ્વર થકી સાત પ્રાણ, સાત અગ્નિની જ્વાલાઓ, સાત સમિધો, સાત પ્રકારના હોમ અને સાત લોક ઉત્પન્ન થાય છે. આવા પરમાત્મા પરબ્રહ્મ મનુષ્યના શરીરમાં હૃદયરૂપિ ગુફામાં છૂપાઇને રહેલા છે. તેથી હે શૌનક ! હૃદય રૂપી ગુફામાં છૂપાયેલ પરમાત્માને જાણો અને તેને જાણવાથી બધુ જણાઇ જશે અને બધા પ્રકારના ભ્રમ અને સંશયથી રહિત થઇને તે બ્રહ્મને પ્રાપ્ત કરી શકશો.

આ બીજા મુંડક્ના બીજા ખંડમાં પરબ્રહ્મને એક વિશિષ્ટ નામ 'ગુહ્યચર'થી સંબોધવામાં આવે છે અને ધનુષના રૂપક્ના માધ્યમથી તે બ્રહ્મને પામવાનો ઉપાય બતાવવામાં આવ્યો છે. પહેલા ખંડમાં બતાવવામાં આવ્યું છે કે પરબ્રહ્મ હૃદયરૂપિ ગુફામાં નિવાસ કરીને રહે છે. તેથી આ ખંડમાં તેને ગુહ્યચરની સંજ્ઞા આપવામાં આવી છે, અને ક્હેવામાં આવ્યું છે કે ચેષ્ટા કરનાર, શ્વાસ લેનાર, આખોંને ખોલ - બંધ કરનાર આદિ તમામ જીવપ્રાણીઓમાં ગુહ્યચરમાં પ્રતિષ્ઠિત છે. તેથી આવા બ્રહ્મને જાણવા જોઇએ.

धनुर्गृहीत्वौपनिषदं महास्त्रं शरं ह्युपासनिशितं सन्दधीत ।
आयम्य तद्भावगतेन चेतसा लक्ष्यं तदेवाक्षारं सोम्य विद्धि ॥

જેવી રીતે ધનુષ પર બાણ ચડાવીને ધ્યાન પૂર્વક લક્ષ્ય વીંધવામાં આવે છે. તેવી રીતે તે બ્રહ્મને લક્ષ્ય માનીને ॐકાર રૂપી ધનુષ પર ઉપાસના રૂપી ધનુષમાં બાણ ખેંચીને તેને વીંધો. આ પરબ્રહ્મ જે સ્વર્ગ, પૃથ્વી, આકાશ, મન, બુદ્ધિ, આદિ સર્વે સ્થાનો પર વ્યાપ્ત છે તેનું તમે ધ્યાન કરો. બીજા ઉપાયો વ્યાર્થ છે તેને છોડીને સંસાર સમુદ્રથી પાર ઉતરવા માટે અમૃતસ્વરૂપ પરમત્માને સેતુ સમાન માનીને તેની ઉપાસના - ધ્યાન કરો. આ સર્વજ્ઞ, મહિમાવાન, સર્વેના આત્મારૂપ પરમાત્મા જે સર્વે પ્રાણીઓના મનોમય શરીરમાં રહેલા છે અને હૃદયમાં રહીને અન્ન દ્વારા સ્થૂલ શરીરને પ્રતિષ્ઠિત કરે છે. તે બ્રહ્મને યથાર્થ જાણો.

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः तमेव भान्तुमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति।

તે પરબ્રહ્મ સર્વથા વિશુદ્ધ સમસ્ત જ્યોતિઓના પણ જ્યોતિ પરમ પ્રકાશમાન તત્ત્વ છે. જ્યાં સૂર્ય પ્રકાશિત થતો નથી. (અર્થાત્ ત્યાં એટલો પ્રકાશ છે કે તેમની આગળ સૂર્યનો પ્રકાશ પણ ઝાંખો પડી જાય છે.) ચન્દ્રમાનો પ્રકાશ, અનેકાનેક તારાઓનો પ્રકાશ પણ ઝાંખો પડે છે, તો પછી લૌકિક અગ્નિની વાત શું કરવી. આ બધા તે પ્રકાશમાન છે તે પરબ્રહ્મ થકી જ પ્રકાશમાન છે.

તેથી આ અમૃત બ્રહ્મ છે.

ब्रह्मौवेदमृतं पुरस्ताद्ब्रह्मा पश्चाद्ब्रह्मा दक्षिणातश्चोत्तारेणा ।
अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मौवेदं विश्ववेदं वरिष्ठम् ।

આ પરિદૃશ્યમાન જગત અમૃતસ્વરૂપ બ્રહ્મ જ છે. દક્ષિણ અને ઉત્તર નીચે અને ઊંચે સર્વ ઠેકાણે પ્રસાર પામેલું સર્વ દિશાઓમાં રહેલું સમગ્ર પરમાત્માત્મક જ છે. માટે આ ચરાચર વિશ્વ બ્રહ્મ જ છે. અર્થાત્ બ્રહ્માત્માક છે. સર્વના અન્તરાત્મા, પ્રકાશમાન અને સર્વેના હૃદયરૂપિ ગુફામાં રહેલા જ્યોતિસ્વરૂપ, સર્વવ્યાપક, સર્વરૂપ પરબ્રહ્મને જાણો.

બ્રહ્મના સ્વરૂપનું સ્પષ્ટ વર્ણન વચનામૃતના પરથારાની શરૂઆતમાં જ શ્રીજી મહારાજ ક્હે છે " ભગવાન કેવા છે તો ક્ષર અક્ષર થકી પર છે, સર્વજ્ઞ છે, સર્વકર્તા છે, સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે, સર્વ કારણના કારણ છે, નિર્ગુણ છે, સ્વપ્રકાશ છે, સ્વતંત્ર છે અને બ્રહ્મરૂપ એવા જે અનંત કોટિ મુક્ત તેમને ઉપાસના કરવા યોગ્ય છે અને અનંત કોટિ બ્રહ્માંડની જે ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય તે રૂપ છે લીલા જેમની એવા છે. અને પ્રકૃતિ પુરુષ, કાળ, પ્રધાન, પુરુષ ને મહત્તત્ત્વાદિક તે જે પોતાની શક્તિયો તેના પ્રેરક છે અને અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે ને સદા કિશોરમૂર્તિ છે ને કોટિ કોટિ કંદર્પ સરખા સુંદર છે અને નવીન મેઘ સરખો શ્યામ વર્ણ જેનો એવા છે" આવી રીતે સૌ કોઇ સરલતાથી સમજી શકે તેવું બ્રહ્મના સ્વરૂપનું સ્પષ્ટ વર્ણન સરલ શબ્દોમાં શ્રીહરિએ કર્યું છે.

ક્રમશઃ

## મે મહિનાની આગામી કથાઓ

| તારીખ | ગામ | યજ્માનશ્રીઓ |
|---|---|---|
| ૫-૫-૧૪ થી ૯-૫-૧૪ | નારણપર ઉ.વાસ | વેલજીભાઈ રામજી પિંડોરીયા તથા શીવજીભાઈ મેઘજી વેકરીયા તરફથી શ્રી સ્વામિનારાયણ મંદિરના ૨૫માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પાંચ દિવસની કથા પારાયણ |
| ૫-૫-૧૪ થી ૯-૫-૧૪ | ભુજ | અ.નિ. માતુશ્રી રાધાબાઈ કલ્યાણ કેરાઈની પુણ્ય સ્મૃતિમાં પિતાશ્રી કલ્યાણભાઈ લખમણની પ્રસન્નતાર્થે પંચાહ્ન પારાયણ |
| ૬-૫-૧૪ થી ૮-૫-૧૪ | રતનપુર(રાપર) | શ્રી સ્વામિનારાયણ મંદિરના ૨૫માં વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ત્રણ દિવસની કથા પારાયણ, તા. ૮-૫-૧૪ના આચાર્ય મહારાજશ્રીનું આગમન |
| ૯-૫-૧૪ થી ૧૩-૫-૧૪ | રામપર નવોવાસ | દેવજીભાઈ કરસન હિરાણી પરિવાર તરફથી પાંચ દિવસની કથા પારાયણ |
| ૧૦-૫-૧૪ થી ૧૪-૫-૧૪ | ભુજ | લાલજીભાઈ વિશ્રામ વેકરીયા પરિવાર તરફથી પ્રસાદી મંદિરમાં પંચાહ્ન પારાયણ |
| ૧૧-૫-૧૪ થી ૧૫-૫-૧૪ | ટોટલા | સુખપરના સાં.યો. પ્રેમબાઈ વેલજી હાલાઈ હસ્તે રામબાઈ તરફથી પંચાહ્ન પારાયણ |
| ૧૫-૫-૧૪ થી ૧૯-૫-૧૪ | ભુજ પ્રસાદી | પ્રસાદી મંદિર ભુજમાં પાટોત્સવ નિમિત્તે પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ગામ મંદિર બળદીયાના હાલે નાઈરોબી નિવાસી વાલજીભાઈ કરસન હીરાણી સહપરિવાર તરફથી કથા પારાયણ. આચાર્ય મહારાજશ્રી પધારશે. |
| ૧૫-૫-૧૪ થી ૧૭-૫-૧૪ | દહીંસરા | વાર્ષિક પાટોત્સવ પ્રસંગે નાનજી પ્રેમજી લીંબાણી પરિવાર તરફથી કથા પારાયણ ત્રણ દિવસની |
| ૧૮-૫-૧૪ થી ૨૨-૫-૧૪ | સુખપર | શ્રી સ્વામિનારાયણ મંદિર સુખપર મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પંચાહ્ન પારાયણ |
| ૨૧-૫-૧૪ થી ૨૫-૫-૧૪ | ઈન્દોર | શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન ઉદ્‌ઘાટન તથા મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ |
| ૨૮-૫-૧૪ થી ૧-૬-૧૪ | ભુજ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં પંચાહ્ન પારાયણ, મોટા મહારાજશ્રી પધારવાના છે. |

## સત્સંગ

સત્સંગ એટલે શું ? સત્સંગ કોને કહેવાય ? જે જીવાત્માને પરમાત્માં તરફ લઈ જાય તેનો સંગ કરવો તે સત્સંગ.

કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, આશા , તૃષ્ણા, અહંતા, મમતા વગેરે શત્રુઓથી રક્ષા કરીને છોડાવે અને પ્રભુમાં પ્રેમ કરાવે, પ્રભુ સાથે મિલાવે એનો સંગ એટલે સત્સંગ.

આવો અમૂલ્ય સત્સંગ આપણને મળ્યો છે. હવે તો બસ સત્સંગ કરીને પ્રભુને પામી જવાનું છે. સત્સંગ ત્યારે જ થાય જ્યારે એનો ખપ લાગે અને ખપ ત્યારે જ લાગે જ્યારે એની ક્મિંત સમજાય. એનો મહિમા સમજાય.

જેમકે કોઈ સાધારણ કાગળ હોય એની ક્મિંત શું ? રદ્દીમાં જાય અને કદાચ ડસ્ટરબીનમાં પણ જાય. પણ એક કાગળ એવો છે જેના પર પાંચસો રૂપિયાની મહોર લગાવેલી છે. તો એને કેવો સંભાળી રાખીએ કેમ ? તો એની ક્મિંત સમજાણી છે. તેવી જ રીતે પીત્તળ પણ પીળી ધાતુ છે અને સોનું પણ છતાં સોનાને કેવું

સાચવીએ છીએ. પીત્તળના મોટા-મોટા વાસણોને ગમે તેમ આંગણામાં ઉડતા મૂકી દેશું પણ સોનાની એક નાની ઘુઘરી હશે તો એને પણ તીજોરીમાં સંભાળીને રાખશું. કેમકે આપણે જાણીએ છીએ કે પીત્તળ તો ત્રણસો ચારસો રૂપિયે ભંગાળમાં જશે અને સોનાની ઘુઘરી તુટેલી હશે તો પણ ત્રીસ-પાત્રીસ હજાર રૂપિયે તોલાના હિસાબે એના ભાવ મળશે. એ સોનાની ક્મિંત જાણી કે એનો મહિમા આપણે સમજ્યા છીએ. એવી જ રીતે શ્રીજી મહારાજે આપણને આ સત્સંગની અમૂલ્ય ભેટ આપી છે એનો ખપ એનું જતન કરીને એનો મહિમા સમજાશે.

કોઈને એમ થાય કે શાસ્ત્રો વાંચીને અમે એ મહિમા સમજી લેશું. તો એ તો શક્ય જ નથી. કેમ કે કોઈ બાળકને નર્સરીથી માંડીને બી.કોમ, એમ.કોમ સુધીના બધા પુસ્તકો આપી દેવામાં આવે તો પણ એ પોતાની મેળે વાંચીને એ કોઈ ડીગ્રી મેળવી શકતો નથી. ડીગ્રી મેળવવા માટે એ મેથ્સ-સાયન્સ અને હીસ્ટ્રી-જોગ્રોફી સમજવા માટે તો એને સ્કૂલમાં જ જવુ પડે અને ટીચર જ્યારે એને સમજાવે ત્યારેજ સમજાય અને ડીગ્રી મેળવી શકે. તેવી જ રીતે અક્ષરધામના મુક્તની ડીગ્રી મેળવવા માટે, આધ્યાત્મિક મેથ્સ-સાયન્સ અને હીસ્ટ્રી-જોગ્રોફી સમજવા માટે સત્સંગરૂપી સ્કૂલમાં જવુ પડે અને સંતરૂપી ટીચરનો સમાગમ કરવો પડે. એટલે કે,

સત્સંગ = સત્ + સંગ = સંત સમાગમ. સત્ શબ્દથી ભગવાન, ધર્મ, શાસ્ત્ર અને સંત ૪ નો સંગ એટલે સત્સંગ.

બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી અદિ નંદ સંતો અને જીવુબા લાડુબા આદિ સાં.યો. બહેનોની ઘરોહરને સંભાળી રહેલા રાત દિવસ આપણા મોક્ષની ચિંતા કરનારી જીવાત્માનો મોક્ષ થાય એ હેતુથી દેશ-વિદેશમાં વિચરણ કરી મુમુક્ષુઓને સત્સંગ કરાવનાર સંતોની ભેટ આપણને મળી છે. એમનો સમાગમ કરવાથી જ સત્સંગનો મહિમા સમજાશે. અને એટલે જ આપણા બધા મંદિરોમાં સવાર-સાંજ કથા થાય છે અને અનેક પારાયણોનું અવાર-નવાર આયોજન થાય છે. જેમાં સંતો ખૂબ મહેનત કરી અનેક શાસ્ત્રોનું વાંચન કરી અને એનો સાર આપણને સમજાવે છે. આવી કથામૃતનું સંતોના મુખેથી પાન કરવાથી જ એ મહિમા સમજાશે કે આ સત્સંગથી જ મારી સદ્ગતિ થશે અને હું અભયપદને પામીશ. જ્યારે આ મહિમા સમજાઈ જશે ત્યારે ગમે તેવા સંજોગોમાં પણ સત્સંગ છોડવાનો સંકલ્પ પણ નહિ થાય.

આ ઘોર કળિયુગમાં જો સત્સંગની ક્મિંત નહિ સમજાય તો કુસંગનો સંગ તો જરૂર થવાનો જ. અને જ્યારે આ મોક્ષરૂપ સત્સંગ છોડીને જગતના વિષયી જીવ સાથે રહેવું ગમે ત્યારે સમજી લેવું કે હવે પડતીના પગથિયા ચડવા લાગ્યા છીએ. કેમકે જો કુસંગ તરફ વળ્યા તો પછી વ્યસન અને ફેશનના વાવાઝોડામાંથી ઉગરવાનો આરો જ નથી. માટે જ આનો અમૂલ્ય, ચિંતામણી તુલ્ય સત્સંગ છોડીને જગતના જીવોની માફક જો જ્યાં ત્યાં માથા ભટકાવા જઈએ તો એ તો રાજાની રાણી ઠીકરું લઈને બટકું રોટલું માંગતી ફરે એવું કહેવાય.

ઘરના માણસો ગમે તેવું બોલે કે અણગમતું વર્તે તો પણ તેનો અભાવ આવતો નથી કેમકે એને સગા માન્યા છે અને ઘરમાં રહેવાનો ખપ છે. તેવી જ રીતે જો સંતો-ભક્તોને સાચા સગા મનાશે અને સત્સંગ છે એજ આપણું ઘર છે એ મનાઈ જશે તો સત્સંગ કરતા કદાચ માન-અપમાન થાય, આપણી અંદર કંઈ અયોગ્ય સ્વભાવ હોય અને સંતો એને ટાળવા કંઈ કઠણ વેણ કહે તો એનો અભાવ ન આવે અને પરમ હિતકારી મનાય.

'સંતના સમાગમમાં પડ્યો રહે ને સંત નિત્ય પાંચ-પાંચ ખાસડી મારે તોપણ તે અપમાનને સહન કરે ને સંતનો સમાગમ મૂકી શકે નહિ.' જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી શકે નહિ તેમ તે પણ સંતનો સમાગમ તજી શકે નહિ તેને મહારાજે સા.૧૦ વચનામૃતમાં શ્વેતદ્વીપના મુક્ત જેવો કહ્યો છે.

સત્સંગ એજ આત્યંતિક કલ્યાણ માટેના સર્વ સાધનોમાં ફળરૂપ છે અને આત્યંતિક કલ્યાણની સદ્પ્રાપ્તિ કરવાનાર છે. સત્સંગ એજ પ્રગટ ભગવાનને વશ કરવાનું અમોઘ સાધન છે.

"સાચા સંતની સોબત કરીને,
કર્મનો ભાર ઉતારો રે,
બ્રહ્માનંદ કહે હરિ ભજો તો,
સરશે અર્થ તમારો રે,

અહેવાલ :- રશ્મિ નિતિન ખુથિયા - થાણા

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ મહોત્સવ

પ્રાત:સ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા તા. ૩ થી ૯ અપ્રિલ ૨૦૧૪ના સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ તથા તા. ૧૦ એપ્રિલ ૨૦૧૪ના નારાયણ યજ્ઞ ધામધૂમથી ઉજવવમાં આવ્યો હતો.

તા. ૨-૪-૧૪ના સાંજે પ્રસાદી મંદિરેથી ભવ્ય પોથીયાત્રા નિકળી હતી. જેમાં યજમાન પરિવારો તેમજ હરિભક્તો સુંદર સાફાઓ પહેરી જોડાયા હતા. સુંદર શણગારેલ ઘોડાગાડીમાં શ્રી ઘનશ્યામ મહારાજની સાથે સંતો હરિભક્તો ભાઈ-બહેનો તેમજ સાં.યો. બહેનોએ ભાગ લીધેલ. કળશ ધારી બહેનો સુંદર વેશભૂષામાં સામેલ હતા. વાજિંત્રો સાથે ભુજ શહેરમાંથી વાજતે ગાજતે પોથીઓ લઈને નૂતન મંદિરમાં આવેલ શ્રી નરનારાયણદેવ સભા મંડપમાં આવેલ. મંત્રો સાથે પોથીઓને સ્ટેજ ઉપર લાવવામાં આવી. સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી તેમજ વડીલ સંતોએ સ્વાગત કરેલ. તેમજ મહંત સ્વામીએ આશીર્વચન આપેલ.

તા. ૩-૪-૧૪ના પ્રથમ દિવસે ભૂદેવો તરફથી પોથી પૂજન કરવામાં આવેલ. ત્યારબાદ સ.ગુ. મહંત સ્વામી દ્વારા દીપપ્રાગટ્ય બાદ કથાનો પ્રારંભ વક્તા શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ સુંદર શૈલીમાં કથાનું રસપાન કરાવેલ. દરરોજ કથામાં હરિભક્તોની વિશાળ હાજરી રહેતી. તેમજ ઘેર બેઠા ટી.વી. ચેનલ દ્વારા હરિભક્તો કથાનો લાભ લેતા.

તા. ૬-૪-૧૪ રવિવારે સવારે કથા અંતર્ગત શ્રી રામ જન્મોત્સવ યોજવામાં આવેલ. સાંજે ૬ વાગે કૃષ્ણ જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવેલ. આ પ્રસંગે કથા મંડપ રંગબેરંગીફુગ્ગાઓથી શણગારવામાં આવેલ. હરિભક્તોની વિશાળ હાજરી હતી. કથા મંડપ બહારે પણ હરિભક્તોની હાજરી હતી. કથા મંડપમાં મોટું ટી.વી. સ્ક્રીન મૂકવામાં આવેલ હોવાથી હરિભક્તો ઉત્સાહથી સારી રીતે જોઈ શકતા હતા. કૃષ્ણ જન્મ અંગેની કથા વકતા શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ સુંદર શૈલીમાં વર્ણન કરેલ. કથા મંડપમાં બધા ગોકુલમાં હોઈએ તેવો આનંદ થતો હતો. કથા મંડપમાં વસુદેવ ગોવાળીયાઓ સાથે પધાર્યા ત્યારે મહંત સ્વામી તેમજ અન્ય સંતોએ સ્વાગત કરેલ. બેન્ડવાજા સાથે નંદબાબાની અસવારી કથા મંડપમાં પધારી. સુંદર ગોવાળીયાના ડ્રેસમાં વિદ્યાર્થીઓ નાચતા ગાતા સાથે રહેલ. ત્યારબાદ રાસ રચવામાં આવેલ. જેમાં સંતો, હરિભક્તોએ આનંદથી ભાગ લીધેલ. નાના બાળકો ક્નૈયાની સુંદર વેશભૂષામાં સામેલ હતા. કથા મંડપ જાણે ગોકુલમાં હોઈએ તેવો લાગતો હતો. ત્યારબાદ માધાપરના યુવાનો મટકી ફોડવા માટે ગોઠવાયા હતા. મટકી ફોડ બાદ મહંત સ્વામીએ સોનાના પારણામાં શ્રી કૃષ્ણ ભગવાનને પ્રથમ ઝુલાવેલ. ત્યારબાદ પંચાજીરીની પ્રસાદી હરિભક્તોને વહેંચવામાં આવી હતી.

તા. ૭-૪-૧૪ના વકતાશ્રીએ કૃષ્ણ ભગવાન વૃંદાવનમાં રાસલીલા યોજેલ તેનું વર્ણન કરવામાં આવેલ. ત્યારબાદ સભામંડપમાં સંતો સાથે હરિભક્તો ભવ્ય રાસનો કાર્યક્રમ રાખવામાં આવેલ. બહેનોના વિભાગમાં સાં.યો. બહેનો સાથે બહેનો રાસ રમ્યા હતા.

તા. ૮-૪-૧૪ના સાંજે ૬ વાગે રૂક્ષ્મણી

વિવાહ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.ભુદેવો એ લગ્ન વિધિ કરેલ. માંડવો સુંદર તૈયાર કરવામાં આવેલ હતો. મહંત સ્વામીએ કથા મંડપમાં પધારેલ ભગવાન તથા રૂક્ષ્મણીજીને આવકાર આપેલ. આ રીતે રૂક્ષ્મણી વિવાહ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે બહોળી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગના યજમાનપદે વરપક્ષના યજમાન તરીકે પ.ભ. ધર્મેન્દ્રભાઈ કોટવાલ, રાજશ્રીબેન કોટવાલ પરિવારે લાભ લીધો હતો. કન્યાપક્ષે આમતક ટી.વી. ચેનલના ડાયેરેક્ટર પ.ભ. વિજયભાઈ ધેલાણી અને પૂજા ધેલાણીએ લાભ લીધો હતો. આ પ્રસંગે મહંત સ્વામીએ આશીર્વચન આપેલ હતા.

તા. ૯-૪-૧૪ના બપોરે ભુજના શ્રી ઘનશ્યામ મહારાજ આબેહૂબ ફાઈબરની પ્રદર્શનીય સુંદર મૂર્તિનું સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગતના વરદ્ હસ્તે અનાવરણ વિધિ કરવામાં આવેલ. ત્યારબાદ મુખ્ય યજમાન પ.ભ. રામજીભાઈ ગોરસીયાને મહંત સ્વામીએ શ્રી ઘનશ્યામ મહારાજનું સ્વરૂપ પહેરામણીમાં આપેલ. ત્યારબાદ સેવામાં જેઓ હંમેશાં અગ્રસ્થાને રહેલ એવા પ.ભ. મેઘજીભાઈને આપવામાં આવેલ.

ત્યારબાદ હરિભક્તો જેઓ મોટી ઉંમરના તેવાઓ માટે મુક્વામાં આવેલી નવી લીફ્ટનું મહંત સ્વામીએ ઉદ્‌ઘાટન કરેલ.

તા. ૯-૪-૧૪ના પૂર્ણાહુતિ પ્રસંગે ભુજના ધારાસભ્ય શ્રીમતી નિમિબહેન આચાર્ય પધારેલ હોઈ તેઓનું હારતોરાથી સ્વાગત કરવામાં આવેલ. પોથીના તમામ યજમાનોને મંદિર તરફથી પ્રસાદ સાથે શ્રીમદ્ ભાગવત દશસસ્કંધ પુસ્તક ભેટ આપવામાં આવેલ. ભૂદેવોને સેવા બદલ દક્ષિણા આપવામાં આવેલ. ત્યારબાદ અંતિમ આશીર્વાદ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવેલ હતા. ભુજના ધારાસભ્ય ડો. નિમાબહેન આચાર્ય તરફથી ગાયોના ચારા માટે રૂપિયા અગ્યાર હજાર દાન માટે જાહેર કરેલ.

ત્યારબાદ સભા સંચાલક શા. સ્વામી ઉત્તમચરણદાસજીએ સૌનો આભાર માનેલ. આ સમગ્ર કાર્યક્રમ આટલો સુંદર રીતે થયો તે બદલ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, મહિલા મંડળ, ગામેગામથી રસોડાની સેવા માટે આવતા બહેનો, સંગીતકાર સ્વામી અક્ષરમુકતદાસજી તથા તબલાવાદક સ્વામી નિલકંઠસ્વરૂપદાસજી, મુખ્ય યજમાન પિતાશ્રી વિશ્રામભાઈ મેઘજી ગોરસીયા, માતુશ્રી જશુબેન વિશ્રામ, હ. રામજીભાઈ વિશ્રામ ધ.પ. ધનબાઈ, સુત હરજી ધ.પ. સવિતાબેન, સુત રવજી ધ.પ. કાન્તાબેન, સુત અરવિદં ધ.પ. મંજુબાઈ તથા વેલબાઈ રામજી ગોરસીયા સહપરિવાર શ્રી નરનારાયણ નગર સુખપર, કૃષ્ણ જન્મોત્સવના યજમાન ગામ માધાપરના સાંખ્યયોગી કુંવરબાઈ હિરાલાલ તથા પિતાશ્રી હીરાલાલ મુળજી વાઘજીયાણી ગં.સ્વ. માતુશ્રી રાધાબાઈ રહેલ હતા. મહાઆરતી દ્વારા સપ્તાહ પારાયણની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

અને છેલ્લે આઠમાં દિવસે નારાયણ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં જે યજમાનો હતા તે બધાં જ અલગ અલગ યજ્ઞ કુંડમાં સજોડે પોતાના પિતૃઓને આહુતિઓ આપી તૃપ્ત કર્યા હતા. દેશ-વિદેશથી આવેલા ૨૫૧ થી વધુ યજમાનો આ ઉત્સવમાં સહભાગી થઈ ધન્યતા અનુભવી હતી.

અહેવાલ :- પ્રાણલાલભાઈ ગોર


## ગ્રાહક છો ? તો બીજાને બનાવો

ભુજ મંદિરનું મુખપત્ર માસિક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં દેશ–વિદેશના કચ્છ સત્સંગના સમાચારો સાથે પ્રેરણાદાયી લેખો દ્વારા સત્સંગની સેવા કરવામાં આવે છે. આપ દૂર–દૂર બેઠા હો તો પણ લવાજમ ભરી આજીવન દેશમાં ૫૦૦/– વિદેશમાં ૬૦૦૦ રૂ. ભરી આજે જ થઈ ઘેર બેઠા માસિકપત્ર મેળવો. વાંચો અને વંચાવો.

# ચૈત્ર સુદ ૧૧ના એકાદશીના દિવસે દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓની નામાવલિ

- પ.ભ. હિરજીભાઈ કુંવરજી વરસાણી ધ.પ. કેશરબેન, સુત નિકુંજ અને હરીશ-સામત્રા
- પ.ભ. પિતાશ્રી રામજીભાઈ કાનજી હિરાણી, માતાજી પ્રેમબાઈ સુત કરશનભાઈ ધ.પ. જયાબેન સહપરિવાર-માનકુવા
- પ.ભ. નિશાબેન માવજી રાબડીયા-માંડવી
- પ.ભ. મનજીભાઈ વેલજી કરસન વેકરીયા તથા સામબાઈ માવજી રાબડીયા-માંડવી
- પ.ભ. મનજીભાઈ કલ્યાણ હિરાણી ધ.પ. સામુબેન હસ્તે દેવશી કરસન હિરાણી-સુખપર હાલે નૈરોબી
- પ.ભ. લાલજીભાઈ ખીરા ખુથીયા ધ.પ. શાંતાબેન, પુત્ર સુભાષ ધ.પ. દક્ષાબેન, પુત્ર કેવીન સહપરિવાર-મુંબઈ
- પ.ભ. રાજેશભાઈ વીરજી હિરાણી - માંડવી
- પ.ભ. હરીશભાઈ રામજી ભુડીયા હ. મંજુલાબેન હરીશ-સુખપર
- પ.ભ. સામજીભાઈ જાદવા ભંડેરી-નાગલપુર (માંડવી)
- પ.ભ. અ.નિ. દેવશીભાઈ શીવજી કેરાઈ-સુખપર, નરનારાયણ નગર
- પ.ભ. હિતેશભાઈ કેરાઈ-બળદિયા
- પ.ભ. માનબાઈ રવજી લાલજી હાલાઈ હ. રવજી કાનજી-મેઘપર
- પ.ભ. લાલજીભાઈ રવજી વેકરીયા-નારણપર
- પ.ભ. ભાવેશભાઈ કલ્પેશ બલદાણીયા-અંજાર
- પ.ભ. કિરણભાઈ જયપ્રકાશ આહિર-અંજાર
- પ.ભ. જેઠાલાલભાઈ મોતીલાલ ગોહિલ-ભુજ
- પ.ભ. જયશ્રીબેન પ્રેમજી વાગડીયા-સુખપર
- પ.ભ. મુકેશભાઈ ખીમજી ગોરસીયા - માનકુવા
- પ.ભ. કાંતિલાલભાઈ શીવજી ભંડેરી - સુખપર
- પ.ભ.અ.નિ. વિશ્રામભાઈ મુળજી માવજી રાઘવાણી - બળદીયા
- પ.ભ. સામજીભાઈ નારણ વેકરીયા - સુખપર
- પ.ભ. મયુરસિંહભાઈ સુરૂભા રાણા - ભુજ
- પ.ભ. કરસન દેવજી રાબડીયા - રામપર વેકરા
- પ.ભ. પ્રેમજીભાઈ વાઘજી ખેતાણી ધ.પ. વાલબાઈ - મદનપુર
- પ.ભ. ધનજીભાઈ સામજી વરસાણી ધ.પ. રામબાઈ ધનજી - કોડકી
- પ.ભ. સામજીભાઈ રત્ના હાલાઈ ધ.પ. રાધાબેન - કોડકી
- સા.યો. નાનબાઈ પ્રેમજી હિરાણી
- પ.ભ. ઘનશ્યામભાઈ પોકલેન્ડ કન્સ્ટ્રકશન - નૈરોબી
- પ.ભ. પ્રવિણભાઈ લાલજી હાલાઈ - મેઘપર
- પ.ભ. કરસનભાઈ દેવજી રાબડીયા - રામપર
- પ.ભ. વાલજીભાઈ કેસરા હિરાણી - માંડવી
- પ.ભ. હરજીભાઈ લાલજી જેસાણી - બળદીયા
- પ.ભ. કુંવરબેન લાલજી દેવશી વરસાણી - મદનપુર
- પ.ભ. હસુભાઈ ઠક્કર - ભુજ
- પ.ભ. જાદવાભાઈ રવજી જાગાણી - સુરજપર
- પ.ભ. વિશ્રામભાઈ દેવજી ભુવા હ. માનબાઈ - સુખપર
- પ.ભ. સુંદરબેન જાદવા ગોરસીયા હ. ધનસુખ - સુખપર
- પ.ભ. મનોજભાઈ ઠાકોરલાલ પરમાર ધ.પ. ભારતીબેન, સુપુત્રી સોનલ - અમદાવાદ
- પ.ભ. અ.નિ. નારણભાઈ માવજી ભુવા, ધ.પ. અ.નિ. કાનબાઈ, હ. પ્રેમજીભાઈ, ગોવિંદભાઈ, લાલજીભાઈ
- પ.ભ. નીલેશભાઈ હિરજી જેસાણી
- પ.ભ. રતનબાઈ નીલેશ જેસાણી
- પ.ભ. વૈશ્નવીબેન નીલેશ જેસાણી
- પ.ભ. રવજીભાઈ નાથા મેપાણી - સુખપર
- પ.ભ. પ્રેમજીભાઈ નારણ વાઘાણી - માનકુવા
- પ.ભ. રતનબેન શીવજી કેરાઈ - માંડવી
- પ.ભ. નિલભાઈ કલ્યાણ હિરાણી - કોડકી

## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ :

- પ.ભ. કાન્તાબેન કુંવરજી ખીમજી વેકરીયા - સુખપર
- પ.ભ. મનજીભાઈ કરસન પાંચાણી, ધ.પ. રતનબાઈ-ભક્તિનગર
- પ.ભ. પ્રેમબાઈ મનજી રામજી વાઘજીયાણી - સુખપર
- પ.ભ. અ.નિ. નારણભાઈ માવજી ભુવા, ધ.પ. અ.નિ. કાનબાઈ હ. પ્રેમજી, ગોવિંદ, લાલજી - સુખપર
- પ.ભ. મનજીભાઈ શામજી હિરાણી - ભક્તિનગર
- પ.ભ. ગોવિંદભાઈ ખીમજી - દોલતપર
- પ.ભ. નાનબાઈ ધનજી મેપાણી - સુરજપર

# સત્સંગ સમાચાર

## કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ માધાપર આયોજિત, ભવ્ય (પંચાળા) રાસોત્સવ તિથિની ઉજવણી

માધાપર એમ. એસ. વી. હાઈસ્કુલ સુવર્ણ જયતી મહોત્સવ અંતર્ગત તા. ૨૭-૩-૨૦૧૪ ફાગણ વદ ૧૧ના રોજ ભવ્યાતિભવ્ય રાસોત્સવ ભગવાન શ્રી સ્વામિનારાયણ પંચાળામાં સંતો હરિભક્તોને દિવ્ય લીલાઓની સ્મૃતિરૂપે એમ. એસ. વી. હાઈસ્કૂલના મેદાનમાં બે અલગ અલગ રાસ ભાઈઓ તથા બહેનોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિ દેવો સુંદર સિંહાસન મંડપમાં પધરાવવમાં આવ્યા હતા.

મહોત્સવની શરૂઆત મોટા સંતોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરી, મહાઆરતી કરી અને પંચાળાના રાસની ઝાંખી કરાવી હતી જેમાં ભુજ મંદિરમાંથી ૫૬ જેટલા સંતો પધારી રાસને દિવ્ય બનાવ્યો હતો. સંતો હરિભક્તો તેમજ યુવાનો તેમજ બાળકોએ ઉત્સાહથી રાસમાં ભાગ લીધો હતો.

આ રાસમાં ભુજ મંદિર, અંજાર તેમજ માંડવી મંદિરથી તથા આપણા દરેક ગુરુકુળોમાંથી વડીલ તેમજ સૌ સંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. સાથે હાઈસ્કૂલના પ્રમુખશ્રી અને માધાપર ગામના સરપંચશ્રી અરજણભાઈ દેવજી ભુડીયા તથા માધાપર પટેલ જ્ઞાતિ મંડળ શાળા સમિતિના સર્વે સભ્યોએ સારો સહકાર આપી રાસોત્સવને પ્રોત્સાહન આપેલ હતું. આ રાસોત્સવના યજમાનશ્રીનો લાભ પરમ ભક્ત જાદવજીભાઈ લાલજી વરસાણી સહપરિવારે લીધો હતો. સભા સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ કરેલ હતું. તેમજ યુવક મંડળ માધાપરના દરેક યુવાનો સાથે મળી આ રાસના આયોજનને દિવ્ય બનાવ્યું હતું.

અહેવાલ :- વરસાણી મુકેશ કુંવરજી

## રામનવમી શ્રીહરિ જયંતી ઉત્સવ - વિલે પાર્લે મુંબઈ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન વિલેપાર્લે મુંબઈને આંગણે મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના આશીર્વાદથી તા. ૮-૪-૧૪ મંગળવારના રોજ રામનવમી શ્રીહરિ જયંતી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

બપોરે ૧૨:૦૦ વાગ્યે ભગવાન શ્રીરામ પ્રાગટ્યની આરતી ઉતારી પંચાજીરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

ત્યારબાદ સાંજે ૬:૦૦ વાગ્યે શ્રી હરિ પ્રાગટ્ય દિન નિમિત્તે સવિષશ પૂજનમાં રાજોપચાર વિગેરે વેદોક્ત વિધિથી શ્રીહરિનું પૂજન કરવામાં આવ્યું હતું. આ પૂજન શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજીએ કરાવ્યું હતું. જેના યજમાન પદે ગામ ભચાઉ હાલ મુંબઈના પ.ભ. અ.નિ. કોરઈબેન પૂંજાભાઈ જીવાભાઈ નીસર હસ્તે સાવિત્રીબેન ઘનશ્યામભાઈ પૂંજા નીસર સહપરિવાર રહ્યા હતા.

સંપૂર્ણ પૂજન વિધિ પૂર્ણ થયા બાદ મંદિરના પરિસરમાં ઠાકોરજીની પાલખીયાત્રા નીકળી હતી. ત્યારબાદ પાર્લા મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી માધવપ્રસાદદાસજીએ યજમાન તથા સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ આપી ૧૦:૦૦ વાગ્યે શ્રી હરિ પ્રાગટ્યની આરતી ઉતારી હતી. આ પ્રસંગે શ્રી

ઘનશ્યામ બાળ મંડળના બાળકો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા સમસ્ત ભક્તો આનંદથી નાચતા ધર્મઘેર આનંદ ભયોની સાથે બાલ ઘનશ્યામનો જય જયકાર કરી ઉત્સવની સમાપ્તિ કરી. ત્યારબાદ પાર્લા મંદિરના કોઠારી સ્વામી કૃષ્ણચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજીના માર્ગદર્શન હેઠળ પંચામૃત પંચાજીરી તથા ભોજનરૂપ પ્રસાદની વ્યવસ્થા કરી હતી.

આ ઉત્સવ તથા સભાસંચાલન પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ કર્યું હતું.

અહેવાલ :- કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - પાર્લા મુંબઈ

## ભચાઉ - નવાગામને આંગણે પંચાહ્ન પારાયણ

શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ (ભચાઉ)માં બિરાજમાન શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણકૃપાથી તથા પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી નવાગામને આંગણે અ.નિ. કકુંબેન વેલજી તથા અ.નિ. વેલજી કાનજી નીસર આદિ પિતૃઓના મોક્ષાર્થે તા. ૫-૪-૧૪ થી તા. ૯-૪-૧૪ સુધી શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ સહવિષ્ણુયાગ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજમાનપદે પાર્વતીબેન ઉમેદભાઈ વેલજી નીસર તથા વિજ્યા અરવિંદભાઈ વેલજી નીસર પરિવાર રહ્યા હતા. વક્તાપદે પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા પુરાણી સ્વામી વેદાંતસ્વરૂપદાસજી તથા વ્યાસમુનિદાસજી સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. સંગીતકાર પુ. સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી કપિલમુનિદાસજી સારો સહયોગ આપ્યો હતો. સતત પાંચ દિવસ સુધી શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી તથા પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, પુ. સ્વામી સરયૂદાસજી આદિ સંતોએ હાજરી આપી હતી. કથા અંતર્ગત ભુજથી સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી બલકૃષ્ણદાસજી, કોઠારી સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી તથા અંજારથી સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી તથા સ્વામી શ્રીહરિદાસજી આદિ સંતો પધારી યજમાન પરિવારને શુભ આશીર્વાદ આપ્યા હતા. કથા અંતર્ગત રાત્રે મહિલામંચ, સંતો દ્વારા સત્સંગ ડાયરો, રાસોત્સવ અને રામનવમીને દિવસે મધ્યાહ્ન કાળે બાર વાગ્યે શ્રી રામચંદ્ર ભગવાનનો જન્મોત્સવ તથા રાત્રે દસ વાગ્યે શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રાગટ્યોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવ્યો હતો. રાત્રે ધૂન કરી ૧૦ વાગ્યે મહાઆરતી કરવામાં આવી હતી. કથાના અંતિમ દિવસે હોમાત્મક વિષ્ણુયાગ રાખવામાં આવ્યો હતો જેમાં સંતોના વરદ્ હસ્તે શ્રીફળ હોમવામાં આવ્યું હતું. સમગ્ર મહોત્સવનું સભા સંચાલન શા. સ્વામી સંતસ્વરૂપદાસજીએ કર્યું હતું.

અહેવાલ : - હિતેશ નીસર

## શ્રી ઘનશ્યામ મહારાજનો ૫૧મો વાર્ષિક પાટોત્સવ - અંજાર

અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરે બિરાજતાં શ્રી ઘનશ્યામ મહારાજનો ૫૧મો પાટોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો. જેમાં હજારો હરિભક્તો ભાઈ બહેનોએ લાભ લીધો.

તા. ૩૧-૩-૧૪ સોમવારે સવારે ૮:૦૦ વાગ્યે મંદિરેથી પોથીયાત્રા વાજતે ગાજતે નીકળીને નૂતન મંદિરના પટાંગણમાં પહોંચી ત્યાં ભૂદેવોના મુખેથી મંત્રોચ્ચાર દ્વારા વિધિવત યજમાન દ્વારા પોથી પૂજન કરવામાં આવ્યું. જમાં મુખ્ય યજમાન તરીકે પ.ભ. કાનજીભાઈ માવજી નાકરાણી પરિવાર તથા પ.ભ. વેલજીભાઈ રત્ના ભગત પરિવારે પૂજન સંપન્ન કરાવ્યું. ત્યારબાદ શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજીએ અંજાર મંદિરે બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજ પધરાવ્યા ત્યારનો ઈતિહાસ અને ખુદ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના ચરણકમળથીઆ ધરતીને પવિત્ર કરેલ તેનો

આબેહૂબ ચિતાર વર્ણવીને ભક્તોને ભાવવિભોર કરાવી દીધા. અને પવિત્ર ચૈત્ર માસમાં આવતી અનેક જ્યંતિનો પણ ઉલ્લેખ કર્યો. પાટોત્સવ નિમિત્તે શ્રી હરિલીલામૃત સાગરની કથા પારાયણ બપોરના સત્રમાં ૪:૩૦ થી ૬:૩૦ વાગ્યા દરમ્યાન વક્તાશ્રીઓ પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી તથા શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજીએ પોતાની વાક્છટા દ્વારા કથા નિરુપણ કરેલ. કથામાં આવતાં પ્રસંગો જેવા કે શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મદિવસ, મટકીફોડ, ધર્મધૂરા સંભાળતા મહારાજનો પટાભિષેક, ભુજમાં પરભક્તને ત્યાં કરેલ અન્નકૂટ ઉત્સવ તથા ફૂલોત્સવ જેવા પ્રસંગો સ્ટેજ ઉપરથી ધામધૂમથી ઉજવાયો. બીજું સત્ર રાત્રી દરમ્યાન "વિદુરનીતિ" શાસ્ત્રની કથા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પોતાની આગવી શૈલીથી સત્સંગીઓને પ્રભાવિત કરેલ. પારાયણ દરમ્યાન ભુજથી મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા ભુજ મંદિરેથી કોઠારી સ્વામી ભગવતજીવનદાસજી આદિ નાના-મોટા સંતો તેમજ માંડવી મંદિરેથી સંતો પધાર્યા હતા. ભુજ મંદિરના મહંત સ્વામી તથા સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ આશીષ વચનો કહ્યા. અને અંજારના સત્સંગને બિરદાવ્યો હતો. અંજારનો સત્સંગ દિન પ્રતિદિન વધતો જ રહે છે તે અંજારના શ્રી ઘનશ્યામ મહારાજનો જ પ્રતાપ છે.

રાત્રી સભામાં પણ વિદુરનીતિ શાસ્ત્ર સાંભળવા હજારો હરિભક્તો ઉપસ્થિત રહેલ. બિન સત્સંગી પણ દરેક રાત્રીએ સાંભળવા આવતા. જેને કહીએ ને કે સત્સંગનું ઘેલું લગાડેલ. આ કથા સાંભળ્યા બાદ કેટલાય નવાં સત્સંગી થવા લાગેલ છે. જે આપણા સંપ્રદાયના સંતોની પ્રભાવિ દેન છે. સમગ્ર પારાયણ તથા વિદુરનીતિની સભામાં સભાનું સંચાલન સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કર્યું હતું. અંજાર મંદિરના મહંત સ્વામી દેવકૃષ્ણદાસજી, વડીલ સંત શ્રીહરિદાસજીના માર્ગદર્શન હેઠળ આ સુંદર કાર્યક્રમ શોભી ઉઠેલ. જેમાં સ્વામી રાધારમણદાસજી, સ્વામી ઘનશ્યામનંદનદાસજી, સ્વામી ધર્મપ્રિયદાસજી, સ્વામી અક્ષરસ્વરૂપદાસજી તથા સ્વામી ધર્મજીવનદાસજીએ સહયોગ આપેલ તથા અંજાર મંદિરના કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજીનો સુંદર સાથ સહકાર માર્ગદર્શન રહ્યું.

અંજારના સમસ્ત હરિભક્તોએ સાથ સહકાર આપીને ખૂબજ ધામધૂમથી ઉત્સવ ઉજ્વેલ. તા. ૪-૪-૧૪ ચૈત્ર સુંદ પાંચમના વહેલી સવારે ૬:૩૦ વાગેથી શ્રી ઘનશ્યામ મહારાજનો ૫૧મો વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ભૂદેવોના મંત્રોચ્ચાર દ્વારા પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો. જેમાં હજારો હરિભક્તોએ દર્શનનો લાભ લીધો. ત્યારબાદ શ્રી ઘનશ્યામ મહારાજ પાસે અન્નકૂટ ધરાવેલ અને ત્રણે મંદિરમાં અન્નકૂટ આરતી યજમાન દ્વારા તથા સંતો દ્વારા ઉતારવામાં આવી હતી. અભિષેક તથા અન્નકૂટના યજમાનશ્રી નૌતમલાલ પોપટલાલ ચૌહાણ ધનબાદવાળા સહપરિવારે લાભ લીધો હતો.

દરરોજ રાત્રે અલગ અલગ પ્રસાદ સક્રીય સત્સંગીઓ બનાવીને કથા સાંભળવા આવનાર સત્સંગીઓને ખુશ કરી દીધા હતા. તેમાં એક દિવસીય પ્રસાદના યજમાન ગાંધીધામના શીલાબેન ભરતભાઈ જોષી રહ્યા હતા અને અન્ય દિવસોમાં સમસ્ત સત્સંગીઓ સેવાનો લાભ આપી ઉત્સવને અનેરો બનાવ્યો હતો. અને તમામ સેવા કરનાર યજમાનશ્રીને સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજીએ રૂડા અવસરે રૂડા આશીર્વાદ પાઠવીને તેની સેવા બિરદાવી હતી.

સ્વામિનારાયણ જ્યંતી ચૈત્ર સુદ - ૯ :- તા. ૮-૪૧૪ મંગળવારે અંજાર મંદિરે શ્રી સ્વામિનારાયણ જ્યંતી ત્યારે ધામધૂમથી ઉજવામાં આવેલ. તે દરમ્યાન મંદિરના ચોકમાં ૮:૦૦ થી ૯:૧૫ સુધી રાસોત્સવ ત્યારબાદ મટકીફોડનો કાર્યક્રમ રાખેલ. ત્યારપછી શ્રી ઘનશ્યામ મહારાજ પાસે ધૂનનો કાર્યક્રમ અને રાત્રે ૧૦ વાગ્યે શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્યની મંદિરના મહંત સ્વામી દેવકૃષ્ણદાસજીએ આરતી કરી હતી. જેમાં અસંખ્ય હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

અહેવાલ :- કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજી, અંજાર

માંડવી શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તેમ જ બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના પાવનકારી પટાંગણમાં ફાગણ વદ-૧૧ તા. ૨૭-૩-૨૦૧૪ થી ચૈત્ર સુદ-૧ તા. ૩૧-૩-૨૦૧૪ સુધી વંદુ સહજાનંદ રસરૂપ તથા મુક્તાનંદકાવ્ય અંતરગત પંચરત્ન પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ માંડવી મંદિરના સાં.યો. રામબાઈ મુળજી કેરાઈ ગુરુ સાં.યો. મેઘબાઈના મુખ્ય યજમાનપદે ધામધૂમથી ઉજવવામાં આવેલ.

તા. ૨૭-૩-૨૦૧૪ના વહેલી સવારે બહેનોના મંદિરેથી મસ્તક પર સત્‌શાસ્ત્રો ધારણ કરીને પોથીયાત્રા સ્વરૂપે શાસ્ત્રોને શ્રી સહજાનંદ સભામંડપમાં હર્ષોલ્લાસ સાથે લાવવામાં આવ્યા અને નિયત સ્થાને પધરાવવામાં આવ્યા. કથા પ્રારંભ યજમાનશ્રીના પિતા પ.ભ. મુળજીભાઈ રામજી કેરાઈ તથા ભાઈ રવજીભાઈ તથા ભીમજીભાઈ તથા મામા મેઘજીભાઈ લાલજી વેકરીયા, માવજીભાઈ લાલજી વેકરીયા આદિ પરિવારના સભ્યો દ્વારા વક્તાશ્રીનું, પોથીનું પૂજનબાદ આરતી કરવામાં આવેલ.

શ્રોતા ભક્તોને સવારના સત્રમાં 'વંદુ સહજાનંદ રસરૂપ' કથામૃતનું પાન પુ. સ્વામી હરિપ્રસાદદાસજી અને પુ. સ્વામી નારાયણપ્રિયદાસજી દ્વારા મનન, ચિંતન અને વિદ્વતાસભર શૈલીમાં ગરબીના પદો ગાઈને કરાવવામાં આવ્યું. જ્યારે બપોરના સત્રમાં 'પંચરત્ન'ની કથા શ્રવણ કરાવવા માટે લંડનમાં ધર્મના પ્રચાર પ્રસારાર્થે વિચરણ કરતા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી પધારી તેઓએ પોતાની આગવી શૈલીમાં વર્તમાન સમયમાં જે પરિસ્થિતિ નિર્માણ થયેલ છે તેના સંદર્ભમાં સચોટ સદૃષ્ટાંત પ્રસંગોની ગંભીરતાને હળવી છતાં અસરકારક રીતે રજૂ કરીને શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેઓએ પાંચ રત્નો વૈરાગ્ય, વિવેક, ધ્યાન, જ્ઞાન, અને વિજ્ઞાનની ચિંતામણીઓ રજૂ કરી આપણા સંપ્રદાયના સત્‌શાસ્ત્રોનો પરિચય કરાવ્યો હતો. કથાને સંગીતમય બનાવવા સંગીતજ્ઞ સ્વામી શ્રીજીનંદનદાસજી, તબલાવિશારદ સ્વામી નિલકંઠસ્વરૂદાસજી, એવમ્ સાથીદારોએ સુમધુર સંગીત પીરસીને સાથ આપેલ.

કથાના પ્રારંભમાં સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજીએ વચનામૃતની વાત કરીને આ આયોજન બદલ પ્રસન્નતા વ્યકત કરી, યજમાનશ્રીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. માંડવીમાં થતી સત્સંગ પ્રવૃત્તિઓમાં સાં.યો. બહેનોના યોગદાનની નોંધ લઈ રાજીપો વ્યક્ત કર્યો હતો.

તા. ૨૮-૩-૧૪ના પ્રથમ સત્ર બાદ બહેનોના મંદિરમાં મહિલા મંડળ દ્વારા 'શ્રેષ્ઠ શું ? ધર્મ કે ભક્તિ ?' વિષય પર યોજાયેલ ડીબેટ કાર્યક્રમમાં ચર્ચા-વિચારણા શાસ્ત્રોના આધાર પ્રમાણ પ્રસંગો દ્વારા એક આવકારદાયક (ધાર્મિકભાવ સાથે ભક્તિની દૃઢતાની) સ્પર્ધા યોજાઈ હતી.

તા. ૨૯-૩-૧૪ના મોટા મહારાજ પ.પૂ.ધ.ધુ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન થયું હતું. પુષ્પહારથી યથોચિત્ત સ્વાગત સન્માન કરવામાં આવ્યું. મોટા મહારાજશ્રીએ પોતાનાં આશીર્વચનમાં સાં.યો. બહેનોએ યોજેલા આવા ધાર્મિક ઉત્સવો દ્વારા ભક્તિની દૃઢતાની અભિવ્યક્તિ કરી હતી.

તા. ૩૦-૩-૨૦૧૪ના દિવસે સવારના સત્રમાં તમામ શ્રધ્ધાળુ હરિભક્તો દ્વારા મોસાળુ કરવામાં આવ્યું હતું. ત્યાંથી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ, બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ આદિ સ્વરૂપોના સુવર્ણ આભુષણો ૧૬ લાખ રૂપિયાના માતબર ખર્ચથી માંડવી મંદિરના સાં.યો. બહેનોએ હરિભક્તોની સેવા સહયોગથી તૈયાર કરી અર્પણ કર્યા હતા.

તા. ૩૦-૩-૧૪નો દિવસ માંડવીના સત્સંગીઓ માટે અનેરો દિવસ હતો. આગલા દિવસે અર્પણ કરાયેલ સુવર્ણના આભુષણો અને વાઘા ધારણ કરીને શ્રી વંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ અને બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ અત્યંત શોભાયમાન અને મનને મોહી લે તેવા દર્શન આપતા

હતા અને હરિભક્તો આવા અનન્ય દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવતા હતા.

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું જી.ટી. ગ્રાઉન્ડથી ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થયો. પરપલ કલરમાં સફેદ છાંટણાવાળા સર્ટ અને માટે ગુલાબી સાફામાં સજ્જ બસો જેટલા યુવાનો બાઈક પર સવાર થઈ સોભાયાત્રાનું નેતૃત્વ કરતા હતા. શોભાયાત્રામાં ચારેય કાંધાના હજારો હરિભક્તો નયનરમ્ય નવાં વસ્ત્રો પરિધાન કરી શોભાયાત્રામાં જોડાયા હતા. કીર્તન મંડળીઓ પરંપરાગત રીતે કીર્તનોની રમઝટ બોલાવતા ઉત્સાહ ભેર શોભાયાત્રામાં જોડાયા હતા. આચાર્ય મહારાજ માટે ખાસ શેષનાગ ફ્લોટનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

મંદિરનું પ્રાંગણ આચાર્ય મહારજશ્રીના દર્શન માટે આતુર હરિભક્તોથી હડકેઠઠ ભરેલો હતો. આચાર્યનું આગમન થતાં જ હરિભક્તોનાં હૈયામાં હર્ષ હિલોળે ચડ્યો. તારીખ ૧૪-૪-૧૪થી શરૂ થનાર 'શ્રી સર્વજીવ હિતાવહ' સદ્ગુરુ સંત સ્મૃતિ મહોત્સવની પૂર્વ તૈયારીરૂપે મંદિરના વિશાળ પટાંગણના મધ્ય ભાગમાં ૫૦ ફૂટ ઊંચા વિજયસ્તંભ પર વિધિપૂર્વક આચાર્ય મહારાજશ્રી, મહંત સ્વામી આદિ સંતોએ આકાશમાં વિજયધ્વજ ફરકાવ્યો હતો.

આચાર્ય મહારાજનું સભામંડપમાં આગમન થતાં વરિષ્ટ સંતો, ટ્રસ્ટીઓ, યજમાનો અને અગ્રગણ્ય હરિભક્તોએ પુષ્પહારથી સ્વાગત સન્માન કર્યું હતું. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતાં હર્ષ વ્યક્ત કરી જણાવ્યું હતું કે નગારૂ, તગારું અને તાવડું આપણા સંપ્રદાયની પરંપરા છે. યજ્ઞ સમયે મહાપ્રસાદરૂપી ભોજન માટે તાવડું, મંદિરો અને ધાર્મિક હેતુ માટે નિર્મિત થતા ભવનોમાં બાંધકામ હેતુ તગારું અને સંપ્રદાયમાં ભવ્યાતિભવ્ય રીતે ઉજવાતા સમૈયા મહોત્સવો વખતે નગારું આપણા સંપ્રદાયની પરંપરા છે.

કથા દરમ્યાન ભુજ મંદિરના મંહત સ્વામી, સ.ગુ. પ્રેમપ્રકાશદાસજી સ્વામી,જાદવજી ભગત,અંજાર મંદિરના મંહત સ્વામી દેવકૃષ્ણદાસજી,શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજી, રામપર ગુરુકુળના સ્વામી દેવચરણદાસજી આદિ અનેક સંતોએ પોતાનાં પ્રાસંગિક ઉદ્બોધનોમાં આશીર્વાદ આપતાં રાજીપો વ્યક્ત કરી ભક્તિમાં દૃઢતા આવે તેવા પ્રેરણાદાયક પ્રવચનો કર્યા હતા.

યજમાનશ્રી સાં.યો. રામબાઈ તરફથી ભુજ મંદિર,અંજાર મંદિર,માંડવી મંદિર તેમજ ભુજ મંદિર અંતર્ગત ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ, ગુરુકુળો, ધર્મસંદેશ આદિને ભેટ અર્પણ કરવાની જાહેરાત કરવામાં આવી.

રાત્રી કાર્યક્રમોએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું, તા.૨૭મીની રાતે એકાદશી હોતાં જાગરણના કીર્તનો અને રાસોત્સવનો કાર્યક્રમ હતો. ભક્તિના કીર્તનો અને ઓરકેસ્ટ્રેના તાલે સંતો અને હરિભક્તો મનમૂકીને રાસ રમ્યા હતા. તા.૨૮મીની રાતે હાસ્યરાસ સાથેની સંગીત સંધ્યામાં સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી, સ્વામી આનંદવલ્લભદાસજી આદિએ મંત્રમુગ્ધ કરી દેતુ ભક્તિસંગીત પીરસ્યું હતું. તા.૨૯મીની રાત્રે કચ્છ શ્રી નરાનારાયણદેવ યુવક મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત થયેલ. તેમાં રજૂ થયેલા પ્રસંગો, રૂપકો આદિએ સંપ્રદાયની ગરિમા અને મહિમાનો પરિચય કરાવ્યો હતો. તા. ૩૦મીની રાતે યોજાયેલ સત્સંગ સભા એક વિશિષ્ટ સભા સાબિત થઈ. શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ વચનામૃતનો આધાર લઈ 'ચિંતન અને ચમત્કાર' વિષેની ગહન વાતો સહજતાપૂર્વક સરળતાથી સમજાવી હતી. તેના પ્રભાવથી પ્રેરાઈને તે જ સમયે સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી સમક્ષ કેટલાક યુવકોએ વ્યસનો છોડવાનો સંકલ્પ કર્યો હતો.

કથાનો મંગલ પ્રારંભ પ્રવચન જેમ સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજીએ કર્યું હતું. તેમ તા. ૩૧-૩-૧૪ના પૂર્ણાહુતિ પણ સ્વામી શ્રીહરિદાસજીના આશીર્વચનથી કરવામાં આવી હતી. માંડવી મંદિરના મહંત સ્વામી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ મંડળના સૌ નાના મોટા સંતો તેમજ

માંડવીના ચારે કાંધાના હરિભક્તો સંપૂર્ણ સાથ સહકાર આપી આયોજન સફળ બનાવ્યું હતું.

આ સંપૂર્ણ આયોજનને સફળતા અપાવવા જે કોઈએ પણ પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે સહકાર અને સેવા આપેલ તે સૌને યાદ કરીને તેમનો આભાર માનવામાં આવેલ.

પાંચેય દિવસની બંને સત્રની સભાનું સંચાલન કાર્ય સ્વામી ઉત્તમચરણદાસજી તેમજ સ્વામી ધર્મચરણદાસજીએ ખૂબ જ સફળતા પૂર્વક સંભાળ્યું હતું.

અહેવાલ :- સ્વામી ધર્મચરણદાસજી

## સર્વજીવ હિતાવહ સ.ગુ. સંત સ્મૃતિ મહોત્સવ : માંડવી

શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજની અસીમ કૃપા અને વડીલ સંતોના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર, માંડવી મધ્યે તા. ૧૪-૪-૨૦૧૪ થી તા. ૧૮-૪-૨૦૧૪ સુધી 'સર્વજીવ હિતાવહ સ.ગુ. સંત સ્મૃતિ મહોત્સવ' ભવ્યાતિભવ્ય રીતે ધામધૂમથી ઉજવવમાં આવેલ. આ મહોત્સવ નિમિત્તે 'શ્રી હરિસ્મૃતિ' એવમ્ 'શ્રી કલ્યાણ નિર્ણય' આ બંને સત્શાસ્ત્રોની પંચાહ્ન કથા પારાયણ જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેના વક્તાપદે વ્યાસાસને બિરાજમાન થઈ પુ. સ્વામી નારાયણપ્રિયદાસજી, પુ.સ્વામી હરિપ્રસાદદાસજી તથા શા.સ્વામી શ્રીરંગદાસજીએ કથામૃતનું રસપાન કરાવેલ. ગુરુ સાં.યો. રામબાઈ શિષ્ય સાં.યો. નાનબાઈની પ્રેરણાથી માનકુવાના હાલે મેમ્બાસા-કેન્યાના પ.ભ. લાલજીભાઈ કલ્યાણ શિયાણી ધ.પ. નીતાબહેન, સુપુત્રો હર્ષિલ તથા જય સહપરિવાર આ મહોત્સવના મુખ્ય યજમાનપદે રહ્યા હતા. ભુજ મંદિરના પ્રાત:સ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી આ મહોત્સવમાં નીચે જણાવેલ કાર્યક્રમો મુખ્ય રહ્યા હતા.

તા. ૧૪-૪ના બહેનોનાં મંદિરેથી પોથીયાત્રાનો પ્રારંભ થયેલ અને શ્રી સહજાનંદ સભામંડપમાં યજમાન પરિવારના હસ્તે સંતોના સાંનિધ્યમાં પોથીઓ પધરાવવામાં આવેલ. સંતો, યજમાનો અને દાતાઓ દ્વારા દીપપ્રાગટ્ય સાથે કથાનો મંગલ પ્રારંભ થયેલ હતો.

તા. ૧૬-૪ના પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની ભવ્ય શોભાયાત્રા નગરયાત્રાનું આયોજન થયેલ. જેમાં આચાર્ય મહારાજશ્રીનો રથાકારનો ફ્લોટ અને કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની અગિયાર જેટલી (પરંપરાગત વારસાને જાળવી રાખતી) કીર્તન મંડળીઓએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું.

ખૂબ ટૂંકા ગાળાના અદ્યતન સુવિધાઓથી સજ્જ વિશાળ 'શ્રી સહજાનંદ સભામંડપનું ઉદ્ઘાટન આચાર્ય મહારાજશ્રી, ભુજ મંદિરના મહંત સ્વામી, વડીલ સંતો અને મુખ્ય યજમાનો દ્વારા કરવામાં આવ્યું હતું.'

સભામંડપની નીચે તૈયાર કરવામાં આવેલ અન્ડર ગ્રાઉન્ડ 'શ્રી બ્રહ્માનંદ ભોજનાલય'નું ઉદ્ઘાટન આચાર્ય મહારાજશ્રી, ભુજ મંદિરના મહંત સ્વામી, વડીલ સંતો તથા યજમાન પ.ભ. હીરજીભાઈ શામજી વેકરીયા, ધ.પ. કેસરબેન, હસ્તે સુત મનસુખ સહપરિવાર તથા અ.નિ. રવજીભાઈ શીવજી હાલાઈ, ગં.સ્વ. રામબાઈ, હ. સુત અરજણભાઈ તથા રામજીભાઈ સહપરિવાર દ્વારા કરવામાં આવ્યું.

કોન્ટ્રેક્ટર, ઈન્જીનૂયર તથા સુપરવાઈઝરને સન્માનિત કરવામાં આવ્યા.

ભુજ મંદિરના મહંત સ્વામી આદિ વડીલ સંતો, માંડવી મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા ટ્રસ્ટી મંડળનું માંડવીના સમસ્ત હરિભક્તો તથા માંડવી મંદિરના ટ્રસ્ટી મંડળ દ્વારા રજતપત્ર અર્પણ કરી ઋણ અદા કરવામાં આવ્યું હતું.

તા. ૧૭-૪-ના શ્રી બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનો ૧૪મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રી વૃંદાવનવિહારી શ્રી હરિકૃષ્ણમહારાજનો પંચામૃતથી અભિષેક પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના હસ્તે કરાયો. ત્યારબાદ ઠાકોરજી આગળ છપ્પનભોગ અન્નકૂટ ધરાવવામાં આવેલ હતો.

તા. ૧૮-૪ના પ.પૂ.મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીના ૭૦મા જન્મદિવસની ઉજવણી અતિ ભવ્યાતિભવ્ય રીતે કરવામાં આવી.

પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ એક સાથે ઉપસ્થિત રહી માંડવીના હરિભક્તોને દર્શનનો લાભ આપેલ. સંતો હરિભક્તો તેઓનાં આશીર્વાદ મેળવી કૃતાર્થ થયેલ.

પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સંતો, ટ્રસ્ટીઓ યજમાનો અને હરિભક્તો દ્વારા પરંપરાગત રીતે સ્વાગત-સન્માન કરવામાં આવેલ.

રાત્રી કાર્યક્રમોએ હરિભક્તોમાં સારું આકર્ષણ જમાવ્યું હતું. હરિભક્તોએ રાસનો આનંદ લીધો, શ્રેષ્ઠ શું સેવા કે કથા ? દ્વારા સંતોએ આધ્યાત્મિક વિચારો રજૂ કરી સૌને જકડી રાખ્યા હતા.

- સભાનું સુંદર સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજી તથા પુ. સ્વામી ધર્મચરણદાસજીએ સફળતાપૂર્વક કરેલ. સંગીતની સુમધુર સુરાવલિથી સ્વામી અક્ષરમુક્તદાસજી તથા તબલા વિશારદ સ્વામી નિલકંઠસ્વરૂપદાસજીએ વાતાવરણ ભક્તિસંગીતમય બનાવેલ.

ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, આદિ વડીલ સંતોએ આશીર્વાદ પાઠવેલ.

યજમાનો, ટ્રસ્ટીઓ, કાર્યકરો તથા અગ્રગણ્ય હરિભક્તો આદિનું સન્માન સાથે, પહેરામણી અર્પણ કરવામાં આવેલ હતી.

માંડવી મંદિરના મહંત પુરાણી સ્વામી ધર્મવલ્લભદાસજી, વડીલ સંત સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી આદિ વડીલ સંતોના આશીર્વાદથી કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા ઉપકોઠારી સ્વામી નંદકિશોરદાસજીના માર્ગદર્શન હેઠળ સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સ્વામી ઘનશ્યામસેવકદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી આદિ સંતોએ આયોજનને સફળ બનાવવા કઠોર પરિશ્રમ સાથે જહેમત ઉઠાવી હતી. ભુજ મંદિરના કોઠારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી તથા સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ પૂરતો સહ્યોગ આપેલ.

માંડવી મંદિરના ટ્રસ્ટીઓ, હરિભક્તો, ચારેય કાંધાના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવકો અને યુવતી મંડળની બહેનોએ વિવિધ ક્ષેત્રોમાં પ્રશંસનીય સહયોગ આપી કામગીરી સંભાળી લીધી હતી. સાં.યો. બહેનોનું યોગદાન પણ નોંધપાત્ર રહ્યું હતું.

મોટા મહારાજશ્રીના જન્મદિવસની ઉજવણી : માંડવી મોટા મહારાજ પ.પૂ.તેજેન્દ્રપ્રસાદજીનો ૭૦મો જન્મદિવસ શ્રી સ્વામિનારાયણ મંદિર, માંડવી મધ્યે ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત આદિ વડીલ સંતોના સાંનિધ્યમાં હર્ષોલ્લાસ સાથે ઉમંગભેર ઉજવાયો. આ આનંદના અવસરે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિ નોંધપાત્ર હતી.

ઉજવણીના પ્રારંભ સમયે મોટા મહારાજશ્રીએ ઠાકોરજી આગળ દીપ પ્રગટાવી, વંદન કરી સૌને ‘જય શ્રી સ્વામિનારાયણ’ કહીને અભિવાદન કરેલું. પ.પૂ. મહંત સ્વામીએ આચાર્ય મહારાજશ્રીને, લાલજી મહારાજશ્રીને તથા મોટા મહારાજશ્રીને કુમકુમ ચોખાથી તિલક અને પૂજન કરી પુષ્પમાળા પહેરાવી જન્મદિવસની શુભેચ્છા પાઠવી વંદન કરેલ. આચાર્ય મહારાજશ્રીએ પોતાની પાઘ ઉતારી મોટા મહારાજશ્રીના ચરણોમાં મસ્તક ઝુકાવી ચરણવંદના કરી આશીર્વાદ મેળવ્યા હતા. લાલજી મહારાજે પણ દાદાની ચરણવંદના કરી બાથમાં લઈ મળ્યા. આ દિવ્ય અલૌકિક ક્ષણોના સાક્ષી બની દર્શનનો લ્હાવો લેતા સેંકડો સંતો, સાં.યો. બહેનો તથા હજારો હરિભક્ત ભાઈઓ બહેનો કૃતકૃત્ય થઈ ગયા. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદવર્ય જાદવજી ભગત, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, સ્વામી શ્રીહરિદાસજી, માંડવી મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ પુષ્પમાળાઓ પહેરાવી વંદન

સાથે જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. જન્મદિવસની ઉજવણીના મુખ્ય યજમાન પ.ભ. શ્રી કાંતિભાઈ નારણ મનજી કેરાઈ તથા નંદુભાઈ કલ્યાણ નારણ કેરાઈએ પુષ્પમાળા, સુવર્ણચેન અને યથાશક્તિ ભેટ
અર્પણ કરી ચરણવંદના સાથે શુભેચ્છા મેળવી હતી. કથાના યજમાનો પ.ભ. લાલજીભાઈ કલ્યાણ શીયાણી પરિવાર તથા ધર્મકુળ પૂજનના યજમાન પ.ભ. વિશ્રામભાઈ કરસન ગોરસીયા, સુપુત્ર જાદવજી તથા ભરત સહપરિવાર ઉપરાંત ભુજ મંદિરના કોઠારી પ.ભ. રવજીભાઈ માવજી ભુડીયા તેમજ ભુજ મંદિર અને માંડવી મંદિરના ટ્રસ્ટીઓએ પુષ્પમાળા પહેરાવી શુભેચ્છા પાઠવી હતી.

ભુજ મંદિર અને માંડવી મંદિર વતી પ.પૂ. મહંત સ્વામી તથા માંડવી મંદિરના કોઠારી સ્વામીએ શ્રી નરનારાયણદેવની મૂર્તિ તથા ૭૦નો આંક અંકિત એવો રજતપત્રનો મોમેન્ટો જન્મદિવસ નિમિત્તે અર્પણ કરેલ હતો.

પ.પૂ. સાં.યો. મહંત સામબાઈ ફઈ, માંડવી મંદિરના પ.પૂ. મહંત રતનબાઈ ફઈ આદિ સમસ્ત સાં.યો. બહેનો વતી મીઠી મધુરી સુગંધથી માધમધતા મોગરાના પુષ્પોની સુંદર માળા મોટા મહારાજશ્રીના કંઠમાં પહેરાવવામાં આવી અને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ચારેય કાંધાના યુવાનોએ સાથે મળી બનાવેલ ૭૦ ફૂટની વિશાળ સુંદર પુષ્પમાળા યુવાનો અને સંતવૃંદે સાથે મળી મોટા મહારાજશ્રીને પહેરાવેલ હતી.

અહેવાલ :- સ્વામી ધર્મચરણદાસજી
સંકલન - ભરતભાઈ મહેતા

## નાગથળા શ્રી હનુમાનજીનો પાટોત્સવ - સુખપર



સુખપરથી માનકુવા જતાં વચ્ચે આવતું પ્રસાદીનું સ્થળ એટલે કે નાગથળા ડુંગર. આ પ્રસાદીના સ્થળ ઉપર પધરાવવામાં આવેલ શ્રી રામદૂત હનુમાનજી મહારાજની સ્થાપનાને ૧૦ વર્ષ પૂર્ણ થતાં તા. ૧૩-૪-૧૪ થી તા. ૧૫-૪-૧૪ સુધી ત્રિદિનાત્મક કથાનું આયોજન સાથે હનુમાનજી મહારાજનો પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો. આ કથામાં વક્તાપદે પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી અને શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજીએ સુંદર સરળ શૈલીમાં કથાનું રસપાન કરાવેલ. આ કથામાં આજુબાજુના ગામોમાંથી હરિભક્તો બહોળી સંખ્યામાં પધારી આ કાર્યક્રમ શોભાવ્યો હતો. આ કથામાં ભુજ મંદિર અને પ્રસાદી મંદિરથી ૩૦થી વધુ સંતો પધાર્યા હતા. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. આ કથા દરમિયાન ત્રણે દિવસ ભોજનપ્રસાદના યજમાનપદે પ.ભ. વિશ્રામભાઈ લાલજી ભુડીયા સહપરિવાર, પ.ભ. વિશ્રામભાઈ નાથા પાંચાણી સહપરિવાર, અરજણભાઈ ધનજી વરસાણી સહપરિવાર રહ્યા હતા. આ પ્રસંગે નાગથળા ઉપર ચડવાના પગથીયા બનાવવાનો નિર્ણય થયેલ અને તેના ખાતમુહૂર્તના યજમાન પ.ભ. નારણભાઈ રામજીભાઈ વાગજીયાણી રહ્યા હતા. કથાના છેલ્લા દિવસે હનુમાનજીની આરતીનો ચડાવો પ.ભ. લાલજીભાઈ દેવજી ભુવા સહપરિવાર લઈ અને સંતો સાથે હનુમાનજીની આરતી ઉતારવાનો લાભ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કર્યું હતું.

અહેવાલ :- કિશોર પિંડોરીયા, સુખપર

# વિદેશ સમાચાર



## જનજાગૃતિ સેમીનાર : સ્ટેનમોર

શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોર મધ્યે રવિવાર તા. ૨૩-૩-૧૪નાં એક ખાસ કૌટુંબિક અત્યાચાર બળાત્કાર તથા બળજબરી કે દબાણથી લગ્ન કરવાના વિષે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

શનિવાર તા. ૮-૨-૧૪ની જે ગ્રુમીંગ તથા એન્ટ્રેપમેન્ટ અંગે સેમીનાર યોજાયેલ. ત્યારબાદ આ પણ એક આપણા સમાજમાં કેવી તકલીફનો અનુભવ થાય છે, એની જાગૃતિ માટે આ સેમીનાર ખૂબ જ અગત્યનો છે.

આજે અત્યાચાર બળાત્કાર તથા બરજબરી કે દબાણથી લગ્ન કરવા, આ વગેરે મુદ્દાઓને જાણીએ છીએ પણ એને ગંભીરતાથી સ્વીકારતા નથી. આની જાગૃતિ તથા જાણ માટે જ અહીંના કાયદા કાનૂન જાણનારા અનેક સ્પીકરોએ પ્રવચનો કર્યા હતા.

કુટુંબી અત્યાચાર વિષે પોતાના જ અનુભવને દર્શાવતાં ફરેઝા જાદવાએ પ્રવચન કર્યું હતું. ત્યારબાદ બ્રેન્ટ પોલીસ ડિટેકટીવ ઈન્સ્પેકટર માઈક વેસ્ટે માહિતી આપી હતી કે કેવી રીતે એ સમુદાયને મદદરૂપ થઈ શકે. ત્યારબાદ છેલ્લે જેન્નેટ આર્નોલ્ડ ઓ.લી. ઈ જે લંડન વિધાનસભાનાં પ્રતિનિધિ છે તેમને તેમનાજ જીવનના અનુભવો વિશે જાહેર પ્રવચન કર્યુ હતું. અને સ્રીના અધિકારોને કેવી રીતે સતત આધાર કરાય એનું માર્ગદર્શન આપ્યું હતું.

બપોરના બળાત્કાર તથા બળજબરીથી કરેલ લગ્ન વિષે ડિટેકટીવ સાર્જન્ટ ભુપેન્દ્ર શોનીગ્રા, જેઓ મેટ્રો પોલિટન પોલીસના બળાત્કાર, બાળક સાથે દુરુપયોગ વગેરે ક્માન્ડ યુનિટના છે. તેમણે બળાત્કાર શું છે(કોને કહેવાય) અને એમના ભોગીને કેવી તકલીફ હોય છે તથા તેમને પોલીસ અથવા અન્ય મદદગાર સંસ્થાઓ કેવી રીતે મદદ કરી અને ટેકો આપી શકે એ વિશે સમજાવ્યું હતું.

ચેઝ એકાદશી જેઓ વિદેશી અને કોમનવેલ્થ ઓફિસ/હોમ ઓફિસ યુનીટના વડા છે. તેઓએ એરેન્જ તથા ફોર્સ લગ્ન વચ્ચે તફાવત સમજાવ્યો હતો અને સર્વેને જાણ કરી હતી કે ૨૦૧૪ ઉનાળાથી ફોર્સ મેરેજ એ એક ક્રિમિનલ ગુનો ગણાશે.

આના વિષે આપણાં મંદિર બીજી અન્ય સંસ્થા જેવી કે દિવ્ય ભાસ્કર સાથે જોડાઈ અને આપણી હિન્દુ સમુદાયને કેવી રીતે મદદરૂપ થઈ શકે એમ કરવા તત્પર રહેશે, અને બીજી પણ આવા સેમિનારનું આયોજન કરતું રહેશે.

અહેવાલ :-પબ્લીક રીલેશન ટીમ શ્રી સ્વામિનારાયણ મંદિર ધર્મભક્તિ મેનર સ્ટેનમોર

## શ્રી રામનવમી બોલ્ટન

શ્રી કચ્છ સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા બોલ્ટન મંદિરમાં મંગળવાર તા. ૮-૪-૧૪ના શુભ દિવસે શ્રીરામ જન્મોત્સવ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. અને સાંજે ભગવાન શ્રી પુરુષોત્તમ શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ અને સાંજે જન્મની આરતી સૌથી ઉંચો આંક આપી કરીને પહેલી આરતી બળદીયાના વનાયા દિલીપ રાઘવાણી તરફથી ત્યારબાદ બીજી આરતી દર

વર્ષની જેમ ગામ ફોટડીના હાલે મોમ્બાસાના રહેવાસી કેશવજીભાઈ પ્રેમજી ભુડીયા તેમજ તેમની સાથે ગુપ્તદાનમાં સેવા આપનારા અન્ય હરિભક્તો તરફથી સમૂહમાં આરતી ઉતારવામાં આવેલ. ત્યારબાદ સૌ હરિભક્તો સાથે મળીને રાસઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ પ્રમાણે આપણા બોલ્ટન મંદિરમાં ઉત્સવ ખૂબ જ ધામધૂમથી સૌ હરિભક્તો સાથે મળી એક સંપથી અનેક ઉત્સવો ઉજવાઈ રહ્યા છે.

અહેવાલ :- મનજીભાઈ ગાંગજી હાલાઈ

## શ્રી રામનવમી તથા શ્રી હરિ જયંતી મહોત્સવ-કેન્ટન હેરો

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો મધ્યે મંગળવાર તા. ૮-૪-૧૪ના શુભ દિને શ્રી રામનવમી ઉત્સવ તેમજ શ્રીહરિ જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

બપોરના બાર વાગ્યે શ્રી રામચંદ્ર ભગવાનની પ્રાગટ્ય આરતી ઉતારવામાં આવેલ. મોટી સંખ્યામાં હરિભક્તોની હાજરી રહેલ. જય જયકાર થયેલ. હાલે મંદિરમાં સપ્તાહ પારાયણનું આયોજન ગામ કેરાના પ.ભ. પ્રવિણભાઈ કરસન આસાણી સહપરિવાર તરફથી કરવામાં આવેલ છે. જેમાં શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કથાનું રસપાન કરાવેલ.

સાત વાગ્યે રાસોત્સવ રાખવામાં આવેલ અને ૮:૦૦ વાગ્યે શ્રીહરિની પ્રાગટ્ય આરતી ઉતારવામાં આવેલ. જય જયકાર થઈ રહેલ. ધર્મ ઘેર આનંદ ભયો, જય બોલો ઘનશ્યામકી, ભક્તિકો લાલે ભયો, જય બોલો ઘનશ્યામકી. આવા પવિત્ર શબ્દોના નાદ થઈ રહ્યા હતા. શ્રીહરિને થાળ જમાળવામાં આવેલ. ત્યારબાદ પારણે ઝૂલાવવામાં આવેલ. આજના શુભદિને લગભગ ચાર હજાર હરિભક્તોએ દર્શનનો લાભ લીધેલ.

ગામ શ્રી સામત્રાના પ.ભ. ધનજીભાઈ અરજણ કેરાઈ સહપરિવાર તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને સુશોભિત વાઘા ભેટ અર્પણ કરેલ.

ગામ શ્રી ભારાસરના અ.નિ. પ.ભ. દેવરાજભાઈ રામજી રૂપા હિરાણી તથા અ.નિ. ધ.પ. રતનબેન દેવરાજ હિરાણી હ. સુપુત્ર જીવરાજભાઈ દેવરાજ તથા ધ.પ. કાન્તાબેન તથા સુપુત્ર નિલેશભાઈ સુપુત્રીઓ જસવંતીબહેન રાજેશ તથા રેશમાબહેન તથા અનીશબહેન સહપરિવાર. ગામ શ્રી સુણાવના અ.નિ. પ.ભ. મહેન્દ્રભાઈ મુળજીભાઈ પટેલના મોક્ષાર્થે હ. સુપુત્ર પ.ભ. અક્ષયકુમાર મહેન્દ્રભાઈ પટેલ તથા ધ.પ. ભૃગુનીબહેન સહપિરવાર આ બન્ને પરિવાર ઉત્સવના યજમાન પદે રહેલ.

અહેવાલ :- પ્રમુખશ્રી વિશ્રામભાઈ વાઘજી માયાણી, મંત્રીશ્રી કાનજીભાઈ મનજી કેરાઈ

## શ્રી રામનવમી તથા હનુમાન જયંતી - સ્ટેનમોર

શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોર મધ્યે મંગળવાર તા. ૮-૪-૨૦૧૪ના રોજ શ્રી રામનવમી મહોત્સવ ખૂબ જ ઉત્સાહ તથા ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. જેનો લાભ ઘણા બધા ભક્તોએ લીધો હતો. સવારના ૧૦:૩૦ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી શ્રીરામ ભગવાનની ધૂન બોલવામાં આવી હતી. બરાબર ૧૨ વાગ્યે શ્રીરામ ભગવાનના પારણીયાની આગળ અન્નકૂટ ગોઠવી થાળ બોલી અને પ્રાગટ્યની આરતી ઉતારી અને સ્તુતિ ડંડવત કર્યા બાદ સર્વે પ્રસાદરૂપી ભોજન લઈ અને છૂટાં પડ્યા હતા.

સાંજના સંધ્યા આરતી ઉતારી નિત્ય નિયમની કથા વાર્તા કરી અને ૮:૦૦ વાગ્યા સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલવામાં આવી હતી. ૮:૦૦ વાગ્યાના સમયે શ્રીહરિકૃષ્ણ

# સાં.યો. રામબાઈ ફઈ દ્વારા પંચાહ્ન પારાયણનું ભવ્ય આયોજન ધામધૂમથી સંપન્ન થયું – માંડવી














# શ્રી ઘનશ્યામ મહારાજના ૧૪મા વાર્ષિક પાટોત્સવ સાથે સર્વજીવ હિતાવહ સદ્‌ગુરૂ સંતસ્મૃતિ મહોત્સવ-માંડવી



# શ્રી ઘનશ્યામ મહારાજના ૧૪મા વાર્ષિક પાટોત્સવ સાથે સર્વજીવ હિતાવહ સદ્ગુરુ સંતસ્મૃતિ મહોત્સવ-માંડવી












(૧) શ્રી સહજાનંદ બાગ લેરમાં ગીરગાયોને વ્હાલ કરતા પ.પૂ. મહંત સ્વામી, (૨) શ્રીહરિની ૨૩૩મી પ્રાગટ્ય તીથિએ ચૈત્ર સુદ ૯ના રોજ પ્રાગટ્યની આરતી કરતા પ.પૂ. મહંત સ્વામી - ભુજ, (૩) નવનિમાર્ણાધીન અક્ષરભુવનનું કાર્ય નિહાળતા પ.પૂ. મહંત સ્વામી - ભુજ





(૧) ભુજ મંદિરના નવા મુમુક્ષુને મંત્રદીક્ષા આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી થયેલા સંત સ્વામી સર્વમંગલદાસજી અમદાવાદ, (૨) ભુજ મંદિર માટે નવા લોડરનું પૂજન કરતા પ.પૂ. મહંત સ્વામી - ભુજ, (૩) શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્યદિને શ્રીહરિ દર્શન - સ્ટેનમોર

# શ્રી ઘનશ્યામ મહારાજના ૫૧ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે વિદુરનિતિ પંચાહ્ન પારાયણનું ભવ્ય આયોજન અને મહાભિષેક – અંજાર



મહારાજને પારણીયામાં ઝૂલાવી આગળ અન્નકૂટ ગોઠવવામાં આવ્યો હતો. થાળ બોલી પડદા ખોલી અને આરતી ઉતારતાજ સર્વેએ અલૌકિક દર્શનનો લાભ લીધો હતો. ત્યારબાદ સર્વે પ્રસાદરૂપી ભોજન લેવા પધાર્યા હતા. એ દરમિયાન મંદિરમાં ચેષ્ટા બોલી અને ૧૦ વાગ્યા સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની જુદા જુદા રાગમાં વાજીંત્ર સાથે ધૂનની રમઝટ બોલાવવામાં આવી હતી. ૧૦ વાગ્યે પ્રાગટ્યની આરતી ઉતારી સ્તુતિ દર્શન કરી ભગવાન આગળથી થાળ લઈ પોઢાડી અને સર્વે હરખભેર છૂટા પડ્યા હતા.

મંગળવાર તા. ૧૫-૦૪-૧૪ના રોજ હનુમાન જયંતી હોવાથી શ્રી હનુમાનજીની સાંજની કથાબાદ ભુદેવ દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. આ અન્ય ઉત્સવમાં અન્ય ભક્તોએ જુદી જુદી સેવામાં નામ નોંધાવી અને યજમાન કે દાતા તરીકે લાભ લીધો હતો.

શુક્રવાર તા. ૧૯-૪-૧૪ તથા તા. ૨૦-૪-૧૪ના બે દિવસ મંદિરમાં સેવા ડે રાખવામાં આવેલ. જેની શુભ શરુઆત સવારના અન્ય ભક્તો દ્વારા શ્રી હરિકૃષ્ણ મહારાજનું પૂજન કરી અને કરવામાં આવી હતી. આ સેવામાં અન્ય ભક્તોએ જુદી જુદી સેવામાં જોડાઈ અને સેવાનો લાભ લીધો હતો.

અહેવાલ :- ઉ.મંત્રી જાદવજી હિરાણી

## સહજાનંદ પષ્ટીપૂર્તિ મહોત્સવ - નાઈરોબી

વડીલ સંતોના આશીર્વાદ અને પ્રેરણાથી ઈ.સ. ૧૯૫૪ની સાલમાં શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર (ભુજ શ્રી નરનારાયણદેવ તાબાનું) નાઈરોબીની સ્થાપના કરવામાં આવી. તત્કાલિન વડીલ સંતોના વરદ હસ્તે ભુજ મંદિરના પટાંગણમાં શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યાંથી મૂર્તિઓ નાઈરોબી પધારી અને દિવ્ય સિંહાસનમાં વિરાજીત કરવામાં આવી.

આ રૂડા અવસારનો આગામી શરદપૂનમના રોજ ૬૦ વર્ષ પૂર્ણ થઈ રહેલ છે. આ પ્રસંગે તા. ૬-૧૦-૧૪ સોમવારથી તા. ૧૦-૧૦-૧૪ રવિવાર સુધી પષ્ટીપૂર્તિ મહોત્સવ ધામધૂમથી ઉજવવાનું નિર્ધારેલ છે. અમદાવાદથી આચાર્ય મહારાજશ્રી તેમજ ભુજ મંદિરથી મહંત સ્વામી આદિ વડીલ સંતો આ અવસરે દર્શનનો લાભ આપશે. પષ્ટીપૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં વૃક્ષારોપણ, મેડીકલ કેમ્પ, જરૂયાતમંદ લોકોમાં જીવન જરૂરી સામગ્રીઓનું વિતરણ વિગેરે આયોજનો હાથ ધરવામાં આવશે.

આ મહોત્સવમાં સર્વ સત્સંગીજનોને પધારી દર્શનનો લાભ લેવા તેમજ આ અવસરના આનંદમાં સહભાગી થવા માટે સૌને હાર્દિક આમંત્રણ છે.

અહેવાલ :- સહમંત્રી નારણભાઈ ગોરસીયા

## ઓલ્ડહામ ઠાકરથાળી ઉત્સવ

શનિવાર તા. ૨૯-૩-૨૦૧૪ ગામ બળદિયાના હીનાબેન સામજી હિરાણીના લગ્ન નિમિત્તે ઓલ્ડહામ મંદિરમાં ઠાકરથાળી ઉત્સવ રાખવામાં આવેલ હતો.

નારણભાઈ કારા

## અક્ષરનિવાસ

**ગામ મેઘપર હાલે એલ્ડોરેટ કેન્યામાં રહેતા પ.ભ. નાનજીભાઈ નારણ હાલાઈ તા. ૩૦/૪/૨૦૧૪ ચૈત્ર વદ–અમાસના પરમ પાવન દિવસે સાંજે શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં કરતાં ૭૦ વર્ષની ઉંમરે અક્ષરધામમાં ગયા. તેમના પરિવારને શ્રીહરિ દુઃખ સહન કરવાની શક્તિ આપે અને અક્ષરનિવાસી આત્માને પોતાના શરણનું સુખ આપે એજ પ્રાર્થના.**

# પ્રાથમિક શિક્ષણ – ધો.૬ નો પ્રારંભ

પ્રાત:સ્મરણીય મહંત પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીની પ્રેરણા, આશીર્વાદ અને અનુમતિથી શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ, ભુજ દ્વારા શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સંકુલમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.

જૂન, ૨૦૧૪થી પ્રાથમિક શિક્ષણ અંતર્ગત ધો.૬(ધોરણ - છ)નો વર્ગ શરૂ કરવામાં આવશે. નિષ્ણાત અને અનુભવી શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય કરવામાં આવશે. નિયમિત અભ્યાસ ક્રમની સાથોસાથ વર્તમાન સમયની માંગ અને ભવિષ્યની આવશ્યક્તાને ધ્યાનમાં લઈને અંગ્રેજી વિષયના વિશેષ વર્ગો ચલાવવામાં આવશે. જેમાં અંગ્રેજી ગ્રામરની દૃઢતા ઉપરાંત અંગ્રેજીમાં મુક્ત રીતે વાતચીત કરી શકે તે માટે 'સ્પોકન ઈંગ્લીશ'ના વર્ગો શરૂ થશે. ઉપરાંત અતિ આધુનિક અદ્યતન સાધનો અને દૃશ્ય-શ્રાવ્ય સાધનો (પ્રોજેક્ટર વગેરે) દ્વારા ગણિત, વિજ્ઞાન અને કોમ્પ્યુટર વિષયો પર વિશેષ શિક્ષણ આપવામાં આવશે.

આપના સંતાનોમાં ઉજ્જવળ અને પ્રગતિશીલ ભવિષ્ય માટે આ શાળા ઉત્તમ સાબિત થશે. ધો.૬ના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે નીચેના સરનામે સંપર્ક સાધવો.

**આચાર્યશ્રી, શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય,**

**સંસ્કાર નગર, ભુજ–કચ્છ.**

**(સંપર્ક સમય : સવારે ૯ થી ૧૧) ફોન. ૨૨૦૭૬૪**

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ સુવર્ણજયંતી – ૨૦૧૪

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજને ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણીનો પ્રારંભ ભુજ મંદિરના પ્રાત:સ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીના આશીર્વાદ અને અનુમતિથી થઈ ચૂક્યો છે. ૨૦૧૪ના વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજમાં અભ્યાસ કરી ગયેલા દેશ-વિદેશમાં વસતા તમામ વિદ્યાર્થીઓ આ ઉત્સવમાં ભાગ લે તેવી વડીલ સંતોની અપીલના અનુસંધાને નિવેદન કે દેશ-વિદેશના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાની માહિતી વહેલી તકે નીચેના સરનામે પહોંચાડે, જેથી તેમનો સંપર્ક શક્ય બને અને આમંત્રિત કરી શકાય.

માહિતીની વિગત :-

નામ, શૈક્ષણિક લાયકાત, પોસ્ટલ એડ્રેસ, ઈ-મેઈલ, ફોન નંબર, મોબાઈલ નંબર, વ્યવસાય, વતનના ગામનું નામ વગેરે માહિતી આપવી.

માહિતી મોકલવાનું સરનામું :-

**1) E-mail ID: ssvscience2008@gmail.com**

**2) E-mail : ssvbhuj@yahoo.com**

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયની ૧૯૬૩ની સાલમાં શરૂઆત થઈ ત્યારે શાળાના પ્રથમ આચાર્ય વાલમ(વિસનગરના) રહીશ નવિનભાઈ કે. જોષી બે વર્ષ માટે હતા. તેઓ નિખાલસ અને સરળ સ્વભાવના હતા. તેઓ ગણિત, વિજ્ઞાન વિષયો શિખવતા હતા.

ત્યારબાદ શાળાના બીજા આચાર્ય તરીકે રીટાયર્ડ શિક્ષણાધિકારી શ્રી મુકુંદભાઈ જે. ધોળકીયા હતા. ૧૯૬૫ થી ૧૯૭૧ સુધી તેઓ શાળાના આચાર્યપદે રહ્યા. તેઓ અંગ્રેજી સંસ્કૃત વિષયો શિખવતા હતા. તેઓ કડક શિસ્તના આગ્રહી તેમજ વહીવટદક્ષ હતા. આ સંસ્થામાં શિક્ષણ ઈમારતનો પાયો તેમણે નાખ્યો. સાથે સાથે તે સમયે નવા નિમાયેલા શિક્ષકોનું ઘડતર કર્યું. વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ઘડતર થાય, સર્વાંગી વિકાસ સાથે મૂલ્યલક્ષી શિક્ષણ પ્રાપ્ત થાય, શિસ્ત, સંયમ, સંસ્કારના પાઠો શાળાકીય શિક્ષણમાં પિરસાય તેવો તેમનો અભિગમ રહ્યો હતો. તેઓએ શાળામાં સુંદર વાતાવરણનું સર્જન કર્યું.

૧૯૭૨માં નવા મકાનમાં વિદ્યાલયનું શિક્ષણ કાર્ય શરૂ થયું. તે સમયે શાળાના ત્રીજા આચાર્ય શ્રી પુષ્પકાંત આર. બૂચ હતા. તેઓ ગુજરાતી ભાષા પર પ્રભુત્વ ધરાવતા હતા. તેઓ પણ કડક શિસ્ત તથા પારદર્શક વહીવટના આગ્રહી હતા. તેઓ બાર વર્ષ આચાર્યપદે રહ્યા.વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે તેઓ સતત જાગૃત હતા. તેઓ સાલસ સ્વભાવના હતા.

શાળાના બહોળા કુટુંબના વડપણ શોભાવતા સાલસ સ્વભાવ ધરાવતા તેમજ શાળાની પ્રણાલિકા-પરંપરા જાળવતા શાળા સુપરવાઈઝર તરીકે કાર્યભાર સંભાળતા અનુભવી શિક્ષકશ્રી જનકભાઈ એમ. ભટ્ટ શાળાના ચોથા આચાર્ય તરીકે ૧૯૮૪ની સાલમાં નિમાયા. તેઓ અંગ્રેજી, સંસ્કૃત વિષયો શિખવતા હતા. અંગ્રેજી ભાષાને વિદ્યાર્થી આત્મસાત્ કરી શકે એવી સરળ પદ્ધતિથી શિક્ષણ આપવાની એક વિશેષ કાબેલીયત ધરાવતા શ્રી ભટ્ટ સાહેબ સંસ્કૃત ભાષાના પ્રખર અભ્યાસી અને સંસ્કૃતજ્ઞ હતા. જેનો ભરપૂર લાભ વિદ્યાર્થીઓને મળ્યો હતો. તેમના વખતમાં સને ૧૯૯૨થી ઉચ્ચ માધ્યમિક શિક્ષણના વર્ગો શરૂ થયા. આમ ધો. ૫ થી ધો. ૧૨ સુધીના ૨૨ વર્ગોના ૧૩૫૦ વિદ્યાર્થીઓના સઘન શિક્ષણ સર્વાંગી વિકાસ અને સંસ્કાર સિંચનનું કાર્ય તેઓએ સુદીર્ઘ કાળ ૧૭ વર્ષ સુધી પ્રશંસનીય રીતે નિભાવી તેમના અનુગામીઓ માટે પ્રેરણારૂપ બન્યા. તેમના સમયગાળા દરમ્યાન શાળાએ અનેક સિદ્ધિઓના સોપાનો સર કર્યા હતા.

ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓનું શિક્ષણ સ્તર નબળું જણાતાં તેવા વિદ્યાર્થીઓની ગુણવત્તા સુધાર કરવા માટે શાળા સમય બાદ સ્પેશીયલ કોચીંગ શરૂ કર્યું જેના થકી શાળાકીય પરિણામો તથા માધ્યમિક શિક્ષણ બોર્ડના પરિણામોમા દર વર્ષે ઉત્તરોત્તર વધારો થવા પામ્યો. શાળાનું સુંદર પરિણામ આવતું થયું. ગોઝારા ભૂકંપને કારણે નિર્મિત થયેલ પ્રતિકૂળતાઓ
વચ્ચે પણ તેઓએ વિદ્યાર્થીઓના હિત અને શૈક્ષણિક કાર્યને પ્રાધાન્ય આપી સુંદર શૈક્ષણિક કામગીરી સાથે વહીવટ સંભાળીને પોતાની કાર્યદક્ષતાની પ્રતીતિ કરાવી હતી.

ત્યારબાદ અનુભવી અને વિકાસલક્ષી દૃષ્ટિ ધરાવતા દૃઢનિશ્ચયીશ્રી મગનભાઈ એ. સુથાર૨૦૦૨ થી શાળાના પાંચમા આચાર્ય તરીકે નિમાયા. તેઓ ગણિત અને વિજ્ઞાન જેવા મહત્ત્વના વિષયોનું શૈક્ષણિક કાર્ય સંભાળી રહ્યા છે. સમયની માંગને અનુસાર ધો.૧૧ અને ૧૨ ઉચ્ચ માધ્યમિક વિજ્ઞાન પ્રવાહના પ્રારંભ માટે તેઓએ સંચાલક મંડળને સંતોષકારક સાથ સહકાર આપ્યો. પરિણામે આજે વિજ્ઞાન પ્રવાહનું પ્રારંભથી આજ દિવસ સુધી બોર્ડનું પરિણામ દર વર્ષે ૧૦૦ ટકા આવે છે. આ રીતે સ્વનિર્ભર ઉચ્ચ માધ્યમિક શાળા ચાલે છે.

ભયંકર ભૂકંપના કારણે પાળેશ્વર ચોક પાસે આવેલ આપણું મંદિર ક્ષતિગ્રસ્ત થતાં જ્યાં હાઈસ્કૂલ હતી તે સંકુલમાં હંગામી ધોરણે મંદિર સ્થળાંતર કરવામાં આવ્યું. નૂતન મંદિરનું આ સ્થળે નિર્માણ થવાનું હોવાથી તેમજ વિદ્યાલયનું મકાન આંશિક ક્ષતિગ્રસ્ત થયું હોવાથી સંસ્કારનગરમાં પડદાભીટ હનુમાનજી મંદિર પાસે વિદ્યાર્થીભવન તથા વિદ્યાલયના નવા મકાનોનું નિર્માણ કરવાનો પ્રારંભ થયો. સન ૨૦૦૫ ૧૫મી મેથી સંપૂર્ણ સુવિધાઓ ધરાવતા નવા મકાનમાં વિદ્યાલયનું સ્થળાંતર કરવામાં આવ્યું. તે સમયે શ્રી સુથાર સાહેબે વિદ્યાર્થીઓના અભ્યાસમાં ખલેલ ન પડે તેની સાવચેતી રાખી હતી. આ રીતે છેલ્લા બાર વર્ષથી તેઓ આચાર્યપદ શોભાવી રહ્યા છે.

અહેવાલ :- વિનોદભાઈ શિયાણી
મંત્રી, શ્રી સ્વામિ. કેળવણી મંડળ, ભુજ

## અમદાવાદમાં હરિભક્તો માટે વિશેષ સુવિધા

**શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન,**
**એપોલો હોસ્પિટલની આગળ, મુ. ભાટ. અમદાવાદ**
**ફોન (૦૭૯) ૨૯૨૮૮૪૯૯**
**મોબાઈલ – ૯૧૮૨૩૮૦૦૮૬૬૬**
**નોંધ :– વિદેશના હરિભક્તો માટે ગાડીની સુવિધા.**

## કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પંચદિવસીય નિવાસી સત્સંગ શિબિર – ૨૦૧૪

આગામી કારતક સુદ-૪ થી કારતક સુદ-૮ સુધી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા સમસ્ત સત્સંગીઓ માટે પંચ દિવસીય નિવાસી શિબિરનું ભવ્ય આયોજન કરવા નિર્ધારિત છે. આપ સૌ હરિભકતો તથા યુવા હરિભકતો ભાગ લઈ શકશે.

યુવક મંડળ સંચાલક સંત સમિતિના જય શ્રી સ્વામિનારાયણ

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૨૦૦/- | ગોવિંદભાઈ કરસન વરસાણી | માધાપર | ચિ. પ્રિતી અને પ્રકાશના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | દિનેશભાઈ માવજી વરસાણી હ. મંજુલા દિનેશ | સામત્રા હાલે કેન્યા | નવા મકાનમાં રહેવા જતાં તેમજ સાક્ષી અને ઋષિ સારા માર્કસથી પાસ થતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | પ્રેમજીભાઈ શિવજી ગોંડલીયા | કોડકી હાલે નૈરોબી | વિલે પાર્લે મંદિરમાં રસોઈ તેમજ ઈલા, રાજુ, રસીલા અને પ્રીતિના લગ્ન નિમિત્તે |
| ૧૦૧/- | ઝીણા ધનજી પ્રેમજી કેરાઈ | સુખપરકેન્યા | સગાઈ નિમિત્તે શ્રી નરનારાયણદેવ હસ્તે કુંવરબાઈ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | જતીનભાઈ વસંત ગાલા | મુંબઈ | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | પક્ષ જતીનભાઈ ગાલા | મુંબઈ | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | હરજીભાઈ કરસન કેરાઈ | કોડકી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | શ્રી ઓમકારભાઈ વિનાયકભાઈ ભટ્ટ | રવાપર | અ.નિ. શશીકલાબેન કે. જાનીના મોક્ષાર્થે |
| ૨૫૧/- | વૈભવભાઈ ઓમકારભાઈ ભટ્ટ | રવાપર | અ.નિ. ગિરીશભાઈ વી. ભટ્ટના મોક્ષાર્થે |
| ૫૦૦/- | બાબુભાઈ ધનજી માતા હસ્તે | હીરાપર | ચિ. નિધિનું એપેન્ડીક્સનું ઓપરેશન સફળ ધ.પ. રાધાબેન થતાં શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦૦/- | સાં.યો. રામબાઈ મુળજી હીરાણી | માંડવી | કથા પારાયણ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | લાલજી સામજી વેકરીયા | માધાપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | ઘનશ્યામભાઈ હરિરામ ચૌહાણ | કુંભારીયા હાલે પૂના | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૬૦૦/- | શ્રી નરનારાયણદેવ યુવતી મંડળ તેમજ | ફોટડી | વચનામૃતનું વાંચન કરતાં શ્રીહરિ પ્રસન્નતાર્થે સમસ્ત મહિલા મંડળ ભેટ |
| ૧૧૧/- | કાન્તાબેન દેવશી લાલજી હાલાઈ | મેઘપર | શ્રીમદ્ ભાગવત સમૂહ કથા પારાયણમાં પિતૃઓના મોક્ષાર્થે પોથી રખાવી તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | અ.નિ. રાધાબાઈ કલ્યાણ કેરાઈ<br>હ. કલ્યાણ લક્ષ્મણ કેરાઈ સુપુત્રો વાઘજી જાદવજી અને હીરજી ધ.પ. માનબાઈ મેઘબાઈ, મંજુલા સહપરિવાર | રામપર-વેકરા | ભુજ મંદિરમાં કથા પારાયણ તા. ૫-૫-૧૪ થી ૯-૫-૧૪ સુધી રાધાબાઈના મોક્ષાર્થે |
| ૫૦૦/- | વાઘજી કલ્યાણ કેરાઈ ધ.પ. માનબાઈ સુપુત્ર નીતિન ધ.પ. સંગીતા પૌત્ર સુશીલ દીકરી જાનશી પૌત્ર ધીરજ ધ.પ. મંજુલા પૌત્રી વૃત્તિ અને ભક્તિ | રામપર-વેકરા | માતુશ્રીના મોક્ષાર્થે શ્રી નરનારાયણદેવને ભેટ |
| ૫૦૦/- | વાઘજી કલ્યાણ કેરાઈ પરિવાર દીકરી દક્ષા વાઘજી, સવિતા ઘનશ્યામ, જમાઈ ઘનશ્યામ લાલજી દોહિત્રી ચિ. ઈશિકા અને ક્રિશ | રામપર-વેકરા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦૦/- | અ.નિ. વેલજી કાનજી નિસર ધ.પ.અ.નિ. કંકુબાઈ વેલજી હ. પાર્વતીબેન ઉમેદભાઈ અને વિજયાબેન અરવિંદભાઈ નીસર | ભચાઉ | કથા પારાયણ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | અ.નિ. મુળજી અરજણ પાંચાણી ધ.પ.અ.નિ. રતનબાઈ હસ્તે સુત હરજી મુળજી ધ.પ. અમરબાઈ સુત દેવેન્દ્ર તથા ધર્મેન્દ્ર પરિવાર દીકરીઓ લક્ષ્મીબેન વિજયભાઈ માધાપરીયા અ.નિ. મીનાબેન નરેશભાઈ મેપાણી | દહીંસરા | શ્રી નરનારાયણદેવની સામે મંડળ આઠ ભર્યા તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | હિતેશ મનજીભાઈ હીરાણી | નારણપર | ચિ. પાર્થના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર | અંજાર | શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | શ્રી નરનારાયણદેવ કન્સ્ટ્રક્શન હસ્તે મુકેશ વરસાણી | કોડકી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | માવજી કાનજી કેરાઈ | નારણપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |






**શ્રીજીમહારાજે ઉજવેલ પંચાળામાં રાસોત્સવની તીથીએ ૫૬ સંતો
તથા માધાપરના હરિભક્તો સાથે અદ્‌ભૂત રાસનું અનોખું આયોજન -માધાપર**






**ગૌશાળા ટ્રસ્ટ સંચાલિત શ્રી હરિકૃષ્ણબાગ રતીયા, શ્રી સહજાનંદ બાગ લેરમાં,
દેવ તથા ગાયો માટે તૈયાર થયેલ ધાન્ય - ભુજ.**

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

# પૂ. શ્રી મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજનો ૭૦મો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો

